

મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !



# તાલીમાતે જાને ઈમાન

ઈમાન તથા અકીદાની મજબૂતી માટે તમામ બાતિલ ફિર્કાની ઓળખ આપતુ, તેમનાથી બચાવતુ, ઈમાનની જાન શું છે તે સમજાવતું આમ લોકો માટેનું તેમજ મદ્રસાના બાળકોની તાલીમ માટેનું ખાસ પ્રકાશન

**મુહમ્મદકી મહબ્બત દીને હક્ક઼ કી શર્તે અવ્વલ હૈ**
**ઈસીમેં હૈ અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ**



★ **સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

★ **પ્રકાશક : રઝવી કિતાબ ઘર**
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા.જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦, ગુજરાત, ઈન્ડિયા.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

પ્રકાશન નં. : ૧૮–જમા. અવ્વલ | આવૃત્તિ : **બીજી** હિ.સ. ૧૪૨૯ | પ્રત : ૨૦૦૦ મે–૨૦૦૮

**હદિયો : ફકત ૧૫ રૂા. (ટપાલ ખર્ચ સાથે)**

**નૂરાની આર્ટ–દયાદરા. મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૦૪ |
| ૨ | અહલે સુન્નત પર કાયમ રહો **(સબક–૧)** | **૦૬** |
| ૩ | ઈસ્લામનો ફેલાવો થતા કાફિરો, મુનાફિક઼ોની પ્રવૃત્તિ **(સબક–૨)** | **૦૭** |
| ૪ | બાતિલ ફિર્કાઓને ઓળખો **(સબક–૩)** | **૦૯** |
| ૫ | મશહૂર બાતિલ ફિર્કા | ૦૯ |
| ૬ | ખારજી | ૦૯ |
| ૭ | શીઆ | ૧૦ |
| ૮ | મોઅ્તઝલા | ૧૧ |
| ૯ | મુરજીયા | ૧૨ |
| ૧૦ | વહાબી ફિર્કો ખારજી છે **(સબક–૪)** | **૧૨** |
| ૧૧ | રસૂલની મહોબ્બતનું નામ ઈમાન છે **(સબક–૫)** | **૧૩** |
| ૧૨ | તાઝીમે નબી વિશે હદીષની વાતો | ૧૬ |
| ૧૩ | વહાબી દેવબંદી ફિર્કાને ઓળખો **(સબક–૬)** | **૧૮** |
| ૧૪ | ઈલ્મે ગયબ વિશે કુર્આન હદીષથી સાબિતી **(સબક–૭)** | **૨૩** |
| ૧૫ | દેવબંદી મોલ્વી શૈતાન માટે ઈલ્મે ગયબ માને છે ! રસૂલ માટે નહીં ! **(સબક–૮)** | ૨૭ |
| ૧૬ | દેવબંદની નજરમાં ઉમ્મતી નબી કરતાં અમલમાં વધી જાય છે ! | ૨૮ |
| ૧૭ | હુઝૂરના ઈખ્તિયાર બાબતે દેવબંદીની માન્યતા **(સબક–૯)** | **૨૯** |
| ૧૮ | હુઝૂરના ઈખ્તિયાર સંબંધે કુર્આની આયતો | ૩૦ |
| ૧૯ | હુઝૂરના ઈખ્તિયાર સંબંધે હદીષો | ૩૨ |
| ૨૦ | વહાબી દેવબંદીનો વગર કામનો ગોટાળો ! **(સબક–૧૦)** | **૩૫** |
| ૨૧ | અલ્લાહ વિશે દેવબંદીની માન્યતા **(સબક–૧૧)** | **૩૬** |
| ૨૨ | હુઝૂરની અદબ કુર્આનમાં **(સબક–૧૨)** | **૩૮** |
| ૨૩ | વહાબિયત તથા દેવબંદિયત કોની સાઝિશ છે ? **(સબક–૧૩)** | **૪૦** |
| ૨૪ | સાવધાન ! ખબરદાર ! | ૪૨ |
| ૨૫ | કેટલાક જરૂરી ખુલાસા **(સબક–૧૪)** | **૪૩** |
| ૨૬ | બિદઅત શું છે ? | ૪૩ |
| ૨૮ | દેવબંદી ધર્મનો કોઈ પાયો છે ખરો ? | ૪૫ |
| ૨૯ | મૃત્યુ પછી ક઼બરમાંથી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીનું આગમન ! | ૪૬ |
| ૩૦ | અન્ય બાતિલ ફિર્કાઓ **(સબક–૧૫)** | **૪૭** |
| ૩૧ | ગૈર મુકલ્લિદ યાને કહેવાતા અહલે હદીષ | ૪૭ |
| ૩૨ | કહેવાતી જમાઅતે ઈસ્લામી યાને મૌદૂદી જમાઅત | ૪૯ |
| ૩૩ | ક઼ાદયાની ફિર્કો | ૫૧ |

# ★ નઅત શરીફ ★

(અઝ : આ'લા હઝરત ''ઈમામ અહમદ રઝા'' ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

સબસે અવલા વ આલા હમારા નબી,
સબસે બાલા વ વાલા હમારા નબી
અપને મૌલાકા પ્યારા હમારા નબી
દોનોં આલમકા દુલ્હા હમારા નબી
જિસકે તલ્વોંકા ધોવન હૈ આબે હયાત
હય વો જાને મસીહા હમારા નબી
ખલ્કસે ઔલિયા ઔલિયાસે રૂસૂલ
ઔર રસૂલોંસે આલા હમારા નબી
જૈસે સબકા ખુદા એક હૈ વૈસે હી
ઈનકા ઉનકા તુમ્હારા હમારા નબી
કૌન દેતા હૈ દેનેકો મુંહ ચાહીએ
દેનેવાલા હૈ સચ્ચા હમારા નબી
કયા ખબર કિતને તારે ખિલે છુપ ગએ
પર ન ડૂબે ન ડૂબા હમારા નબી
મુલ્કે કૌનૈનમેં અંબિયા તાજદાર
તાજદારોંકા આકા હમારા નબી
લામકાં તક ઉજાલા હૈ જિસકા વો હૈ
હર મકાંકા ઉજાલા હમારા નબી
સારે અચ્છોંમેં અચ્છા સમજીએ જિસે
હૈ ઉસ અચ્છેસે અચ્છા હમારા નબી
સારે ઊંચોંસે ઊંચા સમજીએ જિસે
હૈ ઉસ ઊંચેસે ઊંચા હમારા નબી
જિસને ટુકળે કિએ હૈં કમરકે વો હૈ
નૂરે વહદતકા ટુકળા હમારા નબી
જિસે મુર્દા દિલોંકો દી ઉમરે અબદ
હૈ વો જાને મસીહા હમારા નબી
ગમઝદોંકો **'રઝા'** મુઝદા દીજે કે હૈ
બેકસોંકા સહારા હમારા નબી

(દરેક લીટી પઢીને صلی اللہ تعالیٰ علیہ وسلم પઢવું)

# ★... પ્રસ્તાવના ...★

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

## ★ કિતાબ લખવાનો સબબ ★

અલ્લાહ તઆલાનો બેહદ શુક્રો એહસાન છે કે તેણે આપણને આક઼ાએ દો જહાં, રહમતુલ્ લિલ્ આલમીન, સૈયદુલ મુરસલીન હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઉમ્મતી બનાવ્યા, તેમની મહોબ્બતથી આપણા સીનાઓને રોશન તથા મુનવ્વર કર્યા.

ઘણા સમયથી એક કિતાબની જરૂરત મેહસૂસ થતી હતી, દિલમાં લખવાની ઈચ્છા પણ હતી કે **બાતિલ ફિર્ક઼ાઓ કયા કયા છે ?** અને શા **કારણે તેઓ બાતિલ છે ?** તથા **ઈમાન શું છે ? હક્ક઼ મઝહબ કયો છે ? અને તે શાથી હક્ક઼ છે ?** એની સાદી સરળ સમજ આપતી ટૂંકમાં વર્ણનવાળી કિતાબ ગુજરાતી ભાષામાં હોવી જોઈએ જે **વાંચન માટે વધુ સમય ન કાઢી શકતા ભાઈ–બહેનોને** અને **ખાસ કરીને મદ્રસા, મક્તબમાં પઢતા બાળકોને** માટે તાલીમી કોર્સમાં દાખલ કરી તાલીમ આપવામાં આવે. ઉસ્તાઝુલ હુફ્ફાઝ મુખ્લિસ **જનાબ હાફેઝ હસન સાહબ રઝવી હલદરવી** (સદર મુદર્રિસ મદ્રસાએ મઝાહેરુલ ઉલૂમ–દયાદરા) સાહબે આ સંબંધે રમઝાન શરીફ પહેલાં ખાસ આગ્રહ કર્યો તો હકીરે વાયદો કર્યો કે રમઝાન શરીફની બરકતી પળોમાં ઈન્શાઅલ્લાહ તૈયાર કરવા કોશિશ કરીશ. તો મૌલા તઆલાના ફઝલો કરમથી ગૌષો, ખ્વાજા વ રઝાની નઝરે ઈનાયતથી આ અલ્પજ્ઞાની તૂટી ફૂટી ઝબાનમાં તૈયાર કરીને આ કિતાબ આપના હાથોમાં રજૂ કરતાં ખુશી અનુભવે છે. આ પ્રસંગે જનાબ હાફેઝ હસન સાહબ રઝવી હલદરવી તેમજ તેમના દયાદરાના શાગિર્દો જનાબ હાફેઝ શોએબ શેઠ, જનાબ હાફેઝ આસિફ સૂફી તથા જનાબ હાફેઝ સાજિદ ધનિયાવીવાળાનો ખરા દિલથી આભાર માનું છું કે કુર્આની આયતોની ગોઠવણીમાં મારી તેમણે મદદ તથા રહનુમાઈ કરી, જઝાકલ્લાહ ! સાથોસાથ મારી તમામ ભાઈઓ બહેનોને વિનંતિ છે કે આ કિતાબનો એકવાર જરૂર ધ્યાનપૂર્વક ક્રમસર અભ્યાસ કરશો તો ઈમાનમાં મજબૂતી પેદા થશે. ઈન્શાઅલ્લાહ !



## ★ દેવબંદી તથા સુન્ની વચ્ચે પાયાનો મતભેદ શું છે ? ★

આ કિતાબમાં **વહાબી, દેવબંદી, મૌદૂદી, અહલે હદીષ** વગેરેના તે અક઼ીદાની ઝલક દર્શાવી છે જે **સહાબા, તાબઈન, તબે તાબઈન તથા કોઈ ઔલિયા**ના ન હતા જે વર્તમાન કાળમાં **સુન્ની** તથા **વહાબી** વચ્ચે મૂળ મતભેદનો પાયો છે. આમ તો વહાબી દેવબંદીઓ વગેરે **દરગાહે જવા, કબરો પર ફૂલ તથા ચાદર ચઢાવવા, ન્યાઝ કરવા, ફાતેહા, ઉર્સ, ચાળીસુ, મીલાદ, સલાતો સલામ, કિયામ** વગેરેને બિદઅત કહી તેનો ઈન્કાર કરે છે, પણ **મૂળ મતભેદ એ નથી "અસલ મતભેદ"** તો તેમના મોલ્વીઓએ **"ખુદા તથા નબીની શાનમાં હલકા શબ્દો લખીને ખુદા વ રસૂલની ગુસ્તાખી કરી છે તેથી તેમના પર કુફ્ર લાગુ પડે છે"** તે જ છે. (એના જ કારણે મક્કા–મદીના શરીફ તથા અન્ય ઈસ્લામી દેશોના ઉલમાએ તેમને કુફ્રના ફત્વા આપ્યા છે જેને **ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ એ "હુસ્સામુલ હરમૈન"માં તેમજ "અસ્સવારિમુલ હિંદિયા"માં રજૂ કરેલા છે.) એ વાતને દિમાગમાં બેસાડીને શાંતિથી કિતાબનો અભ્યાસ કરશો.

## ★ બાળકોના ઉસ્તાદોને વિનંતિ ★

અલ્લાહ عزوجل તથા તેના પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતને દિલમાં જગાડીને કેવળ સુન્નિયતની મજબૂતીને લક્ષમાં રાખી, દીનની હમદર્દીને ખાતર જ ખૂબ જ લગનપૂર્વક તબક્કાવાર પ્રકરણો બાળકોને સમજાવશો અને મોઢે પણ કરાવતા જશો. શરીઅતના ઈસ્તેલાહી શબ્દો જેમ કે હદીષ, તેના પ્રકારો, તૌહીદ, વહદાનિયત વગેરેનો મતલબ સમજાવશો, જરૂર જણાય ત્યાં વિસ્તારપૂર્વક સમજ આપશો. જેથી આવતી કાલે આ બાળકોમાંથી સુન્નિયત પર જાન નિછાવર કરનારા મુજાહિદો પેદા થાય અને **મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅત**નો **મસ્લકે આ'લા હઝરત**નો પરચમ સદા લહેરાતો રહે. મને ઉમ્મીદ છે કે જો આ કામ તમે ખંતથી દિલથી અલ્લાહ વ રસૂલને રાજી કરવાની નિય્યતે કરશો, બાળકોને સુન્નિયતની સમજ આપવા તથા ગુસ્તાખોને ઓળખાવવામાં મહેનત કરશો તો એ જ તમારી આખેરત માટે નજાતનો ઝરીયો બનશે. ઈન્શાઅલ્લાહ ! બદલો આપનાર સૌથી મહાન તો અલ્લાહ જ છે, તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં તમને બંને જહાનમાં બેહતરીન બદલો પણ મળશે. ઈન્શાઅલ્લાહ!

**(નાચીઝ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(૧૮–રમઝાન શરીફ હિ.સ. ૧૪૨૩, નવે. ૨૦૦૨ ઈ.સ.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

## સબક : ૧

## ★ અહલે સુન્નત પર કાયમ રહો ! ★

**અલ્લાહકી સર તા બકદમ શાન હૈં યહ**
**ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હૈં યહ**
**કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં**
**ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈં યહ**

પ્યારા બાળકો ! અલ્લાહ તઆલાનો ખૂબ જ શુક્ર છે કે તેણે આપણને મુસલમાન બનાવ્યા છે. આપણો કલમો છે :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ؕ

**(લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુરસૂલુલ્લાહ)** صلی اللہ تعالیٰ علیہ وسلم

અલ્લાહ એક છે અને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના રસૂલ છે. આપણે દિલથી તથા જીભથી આ વાત કરીએ છીએ. પણ કેવળ આટલુ કહેવાથી કામ નહીં ચાલે ! કેમ કે આ કલમો પઢયા પછી આપણી જવાબદારી એ છે કે તેના પર પાબંદ રહીએ. એવું નહીં કે કલ્મો પણ પઢીએ અને અલ્લાહ તથા રસૂલ વિશે હલકી માન્યતાઓ રાખીએ ! તમે વિચારશો કે, અરે ! અલ્લાહ તથા રસૂલ વિશે હલકી માન્યતા કોઈ મુસલમાન વળી રાખી શકે ?!

પણ હા ! તમે જેમ સમજતા જશો તેમ આ દુનિયામાં એવા લોકો પણ મળશે જેમની વાતોથી અલ્લાહ તથા રસૂલનું અપમાન થતુ જણાશે ! તેમને તમે પોતાને મુસલમાન કહેતા જોશો, કલમો, નમાઝ પઢતા જોશો, દાઢીવાળા જોશો છતાં તેમના ખયાલો એવા ગંદા હશે કે તમે



આશ્ચર્યમાં પડી જશો. માટે શાંતિથી આ કિતાબનો અભ્યાસ કરો અને સાચા મુસલમાન બનીને રહો.

હદીષ શરીફમાં અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને ચેતવણી માટે જ આગાહી કરી છે કે :–

**"મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે, એક જ ફિર્કા સિવાય સૌ દોઝખમાં જશે."**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને પૂછવામાં આવ્યું કે તે એક "જન્નતી ફિર્કો" કયો હશે ? તો ફર્માવ્યું કે **"જે મારા તથા મારા સહાબાના માર્ગે ચાલશે."** એટલે કે **અહલે સુન્નત વ જમાઅત** જેના પર સહાબીઓ તથા બુઝુર્ગો હતા અને જેના પર આપણે આજે છીએ.

તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના ફર્માન પ્રમાણે ૭૩ ફિર્કા થશે તેમાંથી એક જ ફિર્કો **અહલે સુન્નત વ જમાઅત** જેને **સવાદે આ'ઝમ** પણ કહે છે તેના પર રહેનારા જ સાચા મુસલમાન તથા જન્નતી છે બાકીના સૌ કહેવાના કે નામના મુસલમાન ગણાશે અને જહન્નમમાં જશે.

દુઆ કરો કે અલ્લાહ તઆલા આપણને તેના પ્યારા મહબૂબ નબી صلی اللہ تعالیٰ علیہ وسلمના સદકામાં **અહલે સુન્નત વ જમાઅત** પર કાયમ રાખે... આમીન.

## સબક : ૨

## ★ ઈસ્લામનો ફેલાવો થતાં કાફિરો મુનાફિકોની પ્રવૃત્તિ ★

પ્યારા બાળકો ! અલ્લાહ તઆલાએ દુનિયાના લોકોના સાચા માર્ગદર્શન માટે અને પવિત્ર રીતે ગુનાહોથી દૂર રહી, જુલ્મો જફાથી દૂર રહી સેંકડો ખુદાને પૂજવાને બદલે એક અલ્લાહની ઈબાદત કરી જીવન વિતાવે તેની સમજ આપવા માટે નબીઓ, રસૂલોને દુનિયામાં મોકલ્યા. સૌ પ્રથમ હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ને દુનિયામાં મોકલ્યા. હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم તથા હઝરત

બીબી હવ્વા رضی اللہ عنہا દુનિયામાં આવ્યાં અને તેમની ઔલાદ થવાથી દુનિયાની વસ્તી વધતી ચાલી. તો શૈતાન જે ખુદાનો દુશ્મન છે તેણે લોકોને ખોટા રસ્તે લઈ જવા કોશિશો કરવા માંડી. જેથી તેનાથી સાવચેત રહી સાચા સારા માર્ગે ચાલવા વારા ફરતી હઝરત નૂહ, હઝરત યાકૂબ, હઝરત યૂસુફ, હઝરત દાઊદ, હઝરત સુલૈમાન, હઝરત યૂનુસ, હઝરત ઐયૂબ, હઝરત મૂસા તથા હારૂન, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસા એ પ્રમાણે ક્રમે ક્રમે નબીઓ આવ્યા. તેઓ લોકોને અલ્લાહ એક છે એવી તા'લીમ તથા તેની જ ઈબાદત કરવાની તાકીદ કરતા રહ્યા અને પોતાને અલ્લાહના નબીઓ હોવાનું લોકોને જણાવતા રહ્યા. લગભગ ૧૨૪૦૦૦ (એક લાખ ચોવીસ હજાર) નબીઓ દુનિયામાં તશરીફ લાવ્યા અને સૌ નબીઓ પોતાની ઉમ્મતને આખરી નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم આવશે તેની ખુશ ખબર પણ આપતા રહ્યા.

છેવટે જ્યારે ૧૪૦૦ વરસ પહેલાં આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم સૌ નબીઓથી મહાન દરજ્જાવાળા નબી અલ્લાહ તરફથી દુનિયામાં અરબસ્તાનના મક્કા શહેરમાં આવ્યા ત્યારે શૈતાનના ચેલા બનેલા મૂર્તિપૂજા કરનારા જેમને મુશ્રિક કહેવાય છે તેઓ ત્યાં હતા, ક્યાંક યહૂદીઓ તથા ઈસાઈઓ પણ હતા. ધીમે ધીમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તબ્લીગથી લોકો ઈસ્લામનો કલમો પઢતા ગયા અને મુસલમાનોની સંખ્યા વધતી ગઈ તથા અસંખ્ય મુશ્રિકો, યહૂદીઓ, ઈસાઈઓ મુસલમાન બની ગયા. ઘણા દેશોના લોકોએ ઈસ્લામ સ્વીકારી લીધો અને મુસલમાનોનું વર્ચસ્વ છવાઈ ગયું. તેઓ સાચા પાકા મુસલમાન હોવાથી કાફિરોના દિલોમાં તેમની ધાક છવાઈ ગઈ.

જેથી કેટલાક યહૂદી તથા ઈસાઈ વગેરેએ જોયું કે મુસલમાનો સામે લડવું શકય નથી જેથી દિલથી નહીં પણ દેખાવ પૂરતો કલમો પઢી મુસલમાન બની ગયા જેમને મુનાફિક કહેવાય છે. તેમણે મુસલમાનોને આપસમાં લડાવી તેમની તાકાતને ખતમ કરવા માટે નવી નવી માન્યતા નવા નવા અક઼ીદા ઘડવા શરૂ કર્યા. જેના કારણે મુસલમાનોના આપસમાં ભાગલા થઈ ગયા. અને વિવિધ માન્યતાના ફિર્ક઼ા અલગ થવા લાગ્યા. જેઓ **અહલે સુન્નત વ જમાઅત**ની માન્યતાથી વિરૂધ્ધ હોવાથી કહેવાના મુસલમાન



રહ્યા પણ ખરેખર કાફિર થઈ ગયા.

એવા બાતિલ ખોટી માન્યતાવાળા કેટલાક ફિર્ક઼ાઓનો અભ્યાસ આપણે આવતા સબકમાં કરીશું. ઈન્શાઅલ્લાહ !

## સબક : 3

## ★ બાતિલ ફિર્ક઼ાઓને ઓળખો ★

પ્યારા બાળકો ! મુસલમાનોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાહેરી હયાત બાદ જે બાતિલ (ગલત) ફિર્ક઼ા થયા તેમનું ટૂંકમાં વર્ણન કેટલીક કિતાબોમાં એ રીતે વર્ણવેલું છે કે તેમાંના મશહૂર અને અસલ કુલ આઠ ફિર્ક઼ા છે, બાકી જેટલા છે અથવા થશે તે બધા આ આઠમાંની શાખાઓ છે. અહલે સુન્નત સિવાય બાકીના કુલ ૭૨ ફિર્ક઼ા થશે જે જહન્નમી છે.

## ★ મશહૂર બાતિલ ફિર્ક઼ાઓ ★

(૧) ખારજી (૨) શીઆ (૩) મોઅ્તઝલા (૪) મુરજીયા (૫) નજ્જારીયા (૬) જબરીય્યહ્ (૭) મુસબ્બા (૮) નાજીયા. આ સૌ ફિર્ક઼ા કુર્આન, હદીષ તથા સહાબાએ કિરામના અક઼ીદાઓ વિરૂધ્ધ હોવાથી તેમની ગણના બાતિલ ફિર્ક઼ાઓમાં થઈ છે. તેમાંના અમુકના અક઼ીદા (માન્યતા)ની ઝલક જોતા ચાલો.

## ★ ખારજી ★

આ ફિર્ક઼ો પાછળથી જાહેર થયો. તેમણે એવો અક઼ીદો ઘડયો કે :–

"કબીરા (મોટો) ગુનોહ કરવાથી મુસલમાન કાફિર થઈ જાય છે અને તેની કદી પણ બખ્શિશ થઈ શકતી નથી."

આ અક઼ીદો **અહલે સુન્નત**ની વિરૂધ્ધ છે અને આ અક઼ીદાથી કુર્આનની આયતે કરીમા :–

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

**(અર્થ)** : "બેશક ! અલ્લાહ عزوجل બખ્શતો નથી કે તેનો કોઈ શરીક (ભાગીદાર) ઠરાવવામાં આવે, અને બખ્શી આપે છે તેનાથી ઉતરતા ગુનાહોને." *(સૂ. નિસાઅ, પારા–૫, આ. ૪૮)* આ આયતનો ઈન્કાર થાય છે.

એટલે કે કુર્આનમાં તો છે કે અલ્લાહ શિર્ક સિવાયના ગમે તેવા નાના કે મોટા ગુનાહને ચાહે તો માફ કરી (બખ્શી) આપે છે. જ્યારે "ખારજી" કહે છે કે "મોટો ગુનોહ કરવાથી માણસ કાફિર થઈ જાય છે અને તેને ખુદા તરફથી માફી કદી પણ નથી મળતી !"

અને જાહેર છે કે કુર્આન શરીફની કોઈ પણ આયતને ન માનનાર (ઈન્કાર કરનાર) કાફિર છે. આ ઉપરાંત ઘણા ગંદા અકીદા આ ફિર્કાના છે જે તેની અન્ય શાખાઓમાં જોવા મળે છે તેથી આ ફિર્કો (ખારજી) તેની બધી શાખાઓ સહિત અહલે સુન્નતથી નીકળીને અલગ થયો.

## ★ શીઆ ★

આ ફિર્કો કુર્આને પાકને અપૂર્ણ માને છે અને કહે છે કે, "કુઆનના ચાલીસ પારા હતા તેમાંથી દસ પારા ગાયબ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બૈતની ફઝીલતોનું વર્ણન હતું."

જ્યારે કુર્આન શરીફ છે : اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَ اِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ ۝

(અર્થ) : "બેશક ! કુર્આન અમે ઉતાર્યું અને બેશક ! અમે તેની રક્ષા કરીશું." *(સૂ. હિજ્ર, આ. ૯, પારા–૧૪)*

તેમજ કુર્આનમાં છે : ذٰلِكَ الۡكِتٰبُ لَا رَيۡبَ ۛۚ فِيۡهِ ۛۚ "આ તે કિતાબ છે જેમાં શંકાને કોઈ સ્થાન નથી." *(સૂ. બકરહ્, આ. ૨)*

તો ઉપરની બંને આયતોનો શીઆની માન્યતા જોતાં ઈન્કાર થાય છે. કુર્આનથી છે કે આ કિતાબની રક્ષાની જિમ્મેદારી અલ્લાહે લીધી છે તથા એમાં કોઈ શંકાને સ્થાન નથી, જ્યારે શીઆ લોકો કહે છે કે કુર્આનના દસ પારા ગાયબ થયા છે ! એ કુર્આન વિરૂધ્ધ વાત છે અને આ આયતોને ન માનવું ગણાશે. જેથી આ ફિર્કો પણ કુર્આનનને ન માનીને કાફિર ઠરે છે.

આ ઉપરાંત ચાર ખલીફા પ્રથમ હઝરત અબૂબક્ર, બીજા હઝરત ઉમર, ત્રીજા હઝરત ઉષ્માન અને ચોથા હઝરત અલી થઈ ગયા. તો શિઆ લોકો પ્રથમ ત્રણ ખલીફા અબૂબક્ર, ઉમર, ઉષ્માન رضی اللہ عنہم ની ખિલાફતને નથી માનતા જ્યારે તેના માટે ઉમ્મતનો **ઈજમાઅ** છે.



તેમજ હુઝૂર સૈયદુલ બશર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને અફઝલ (ચઢિયાતા) માને છે. બલ્કે તેઓની માન્યતા છે કે નબી તો અસલમાં હઝરત અલી જ હતા પરંતુ જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ ભૂલ કરીને તેઓ મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થયા, વગેરે. જેથી આવી ગંદી માન્યતાના કારણે આ ફિર્કો પણ અહલે સુન્નતથી જુદો પડી કાફિર તથા જહન્નમી ઠર્યો.

## ★ મોઅ્તઝલા ★

આ ફિર્કાએ **કુફ્ર** અને **ઈમાન**ની વચ્ચે ત્રીજો દરજજો ઘડી કાઢયો કે "કબીરો ગુનોહ કરનાર માણસ ન તો કાફિર છે ન તો મુસલમાન !"

માણસ બે જ પ્રકારના હોય છે, કયાં તો મુસલમાન કયાં તો કાફિર. કુફ્ર તથા ઈમાન બેમાંથી એક પર જ હશે, ત્રીજો કોઈ માર્ગ જ નથી. પણ આ ફિર્કાએ કુર્આન હદીષ વિરૂધ્ધ નવી માન્યતા ઘડી જેથી તે અહલે સુન્નતથી અલગ થઈ ગયો. હઝરત ઈમામ હસન બસરી رضی اللہ عنہ જેઓ અહલે સુન્નતના મહાન ઈમામ તથા માન્યવર બુઝુર્ગ થઈ ગયા તેમણે આ ફિર્કાને જમાઅતે હક્ક અહલે સુન્નતથી બહાર દર્શાવ્યો અને કહ્યું કે "બેશક ! તે અમારાથી જુદો થઈ ગયો !"

આ ફિર્કાએ ગુનેહગારને જહન્નમમાં મોકલવાનું અને નેકોકારને જન્નતમાં મોકલવાનું અલ્લાહ પર વાજિબ ઠરાવ્યું. (એટલે અલ્લાહે એવું જ કરવું પડે !) જ્યારે અલ્લાહ પર કોઈ ચીજ વાજિબ નથી, જે ચાહે તે કરે. જેથી એમાં પણ કુર્આન ઘણી આયતોનો ઈન્કાર સાબિત થાય છે. જેમ કે اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیۡءٍ قَدِیۡرٌ ۝ "અલ્લાહ દરેક વસ્તુ કરવા શકિતમાન છે." (જે ચાહે તે કરી શકે છે.) (હવાલો :સૂ. બકરહ્, આ. ૨૦)

વળી અલ્લાહની સિફતોનો ઈન્કાર કરતાં કહ્યું કે **"તે કામોનો ખાલિક્ (સર્જક) નથી."** જ્યારે કુર્આનમાં છે :–

وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ ۝٩٦ અર્થ : "અલ્લાહ તઆલાએ તમને તથા TDFZF SF NG[ 5 [NF SI FR(*પારા. ૨૩, સૂ. સાફ્ફાત, આ. ૯૬)* જેથી આ આયતને ન માનવું સાબિત થાય છે. ઉપરાંત તેમણે ઈસાલે સવાબનો ઈન્કાર કર્યો. અન્ય તેમના ઘણા ગંદા અક઼ીદાઓને લઈને આ ફિર્કો અહલે સુન્નતથી અલગ થઈ જહન્નમી ફિર્કાઓમાં જતો રહ્યો.

## ★ મુરજીયા ★

તેમણે અહલે સુન્નત વિરૂધ્ધ એવો અક઼ીદો ઘડયો કે, "ઈમાન લાવ્યા પછી કોઈ પણ ગુનોહ નુકસાન પહોંચાડી શકતો નથી." એટલે કે કબીરા ગુનાહોની પકડ નહીં થાય." જ્યારે કુર્આનમાં છે કે مَنْ يَّعْمَلْ سُوْٓءًا يُّجْزَ بِهٖ "જે બુરાઈ કરશે તે બદલો પામશે." *(સૂ. નિસાઅ, આયત–૧૨૩, પારા–૫)* જેથી આ ફિર્કો પણ કુર્આનની આયતને ન માનવાના કારણે તેની શાખાઓ સહિત જહન્નમી ફિર્કાઓમાં ભળી ગયો.

અલ્લાહ તઆલા આપણને આ બદઅક઼ીદા ફિર્કાઓથી બચાવી ઈમાન પર કાયમ રાખે... આમીન

## સબક : ૪

## ★ વહાબી ફિર્કો ખારજી છે ★

પ્યારા બાળકો ! આગલા સબકોમાં આપણે અમુક ગુમરાહ ફિર્કા વિશે અભ્યાસ કર્યો તેને એક નજર જોઈ જાવ. એ બધા ફિર્કાઓમાંથી કેટલાક ટૂંક સમયમાં નાશ પામ્યા અને કેટલાક હજી બાકી છે. પણ હાલના સમયમાં હિંદુસ્તાન, પાકિસ્તાન તથા અન્ય દેશોમાં જે નવા ગુમરાહ ફિર્કા ફેલાઈ રહ્યા છે, **દા.ત. વહાબી, દેવબંદી, તબ્લીગી, જમાઅતી, મૌદૂદી યાને જમાઅતે ઈસ્લામી, ગૈરમુકલ્લિદ યાને અહલે હદીષ, અહલે કુર્આન, નેચરી, ક઼ાદયાની** વગેરે નામોથી ઓળખાય છે. **આ સૌ અસલમાં વહાબીમાંથી જ જન્મ્યા છે** બલ્કે તેનું મૂળ **ખારજી**માંથી છે. એની સાબિતી એ છે કે, **હઝરત અલ્લામા મુહમ્મદ ઈબ્ને આબિદીન શામી**ની મશ્હૂર કિતાબ



"ફતાવાએ શામી" (ભાગ–૩)માં છે કે, "વહાબી અસલમાં ખારજી છે."

પ્યારા બાળકો ! **ખારજી** ફિર્કા વિશે તમે જાણો જ છો કે તેઓ કાફિર છે અને હમેશાંની જહન્નમમાં જશે જેમ કે આગલા સબકોમાં તમે અભ્યાસ કર્યો છે.

અલ્લામા શામી رحمۃ اللہ علیہ આગળ લખે છે કે, "ખારજી એવા હોય છે જેવા કે અમારા જમાનામાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબના અનુયાયીઓ (વહાબીઓ) થકી જાહેર થયું. જેમણે નજ્દથી નીકળીને હરમૈન શરીફૈન (મક્કા–મદીના) પર કબજો મેળવ્યો. તેઓ પોતાને જાહેરમાં હંબલી કહેતા હતા, છતાં તેમનો અક઼ીદો એવો હતો કે બસ ! તેઓ જ જગતમાં મુસલમાન છે અને જેઓ તેમનો વિરોધ કરે તેઓ મુશ્રિક છે. આ કારણે જ તેમને અહલે સુન્નત (સુન્નીઓ)ને કતલ કરી નાખવું સારું તથા જાઈઝ ઠરાવ્યું. અલ્લાહ તઆલાએ તેમનો ઠાઠ–વૈભવ તોડી નાખ્યો, તેમનાં શહેરોને વેરાન કર્યાં તથા મુસલમાનોના લશ્કરોએ વહાબીઓ પર હિ.સ. ૧૨૪૩માં વિજય મેળવ્યો."

સારાંશ એ કે અલ્લામા શામીની દ્રષ્ટિએ વહાબીઓ ખારજી છે અને મુસલમાન નથી પણ કાફિર છે.

હવે આગળ આવતાં લખાણોમાં વર્તમાન કાળના બાતિલ ફિર્કાઓ વિશેના વર્ણનનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો અને તેમનાથી દૂર રહેવાની, બચવાની કોશિશ કરશો, નહીં તો કયાંક તે તમને જહન્નમ તરફ ન લઈ જાય !

## સબક : ૫

## ★ રસૂલની મહોબ્બતનું નામ ઈમાન છે ★

પ્યારાં બાળકો ! સૌ પ્રથમ આવો **ઈમાન શું છે ?** એ વિશે થોડીક ચર્ચા કરતા ચાલીએ જેથી બેઈમાન કોણ અને કેમ કરીને ગણાશે ? તે સમજવામાં સરળતા રહે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દુનિયામાં મોકલવાનો મક઼સદ શું છે, તથા રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો મર્તબો શો છે તથા ઈમાનનો દારોમદાર શાના પર છે

તેને ટૂંકમાં સમજવા માટે કુર્આનની આ આયત જુઓ :–

إِنَّآ أَرْسَلْنٰكَ شٰهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ۝ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ ؕ وَتُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِيْلًا ۝

**તર્જુમો** : હે નબી ! બેશક ! અમે તમને ગવાહ (સાક્ષી) તથા ખુશખબરી આપનારા અને ડર સંભળાવનારા બનાવીને મોકલ્યા કે હે લોકો ! તમે **અલ્લાહ** અને **તેના રસૂલ પર** ઈમાન લાવો અને રસૂલની તાઝીમ તથા તૌકીર (જરૂર જરૂર તાઝીમ) કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી બોલો." *(સૂ. ફતહ, આ. ૮–૯, પા. ૨૬)*

એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોકલવાનું કારણ **(૧)** લોકો અલ્લાહ અને તેના રસૂલ પર **ઈમાન** લાવે **(૨)** રસૂલની **તાઝીમ** કરે (૩) લોકો અલ્લાહની **ઈબાદત**માં મશગૂલ રહે.

રબની રજૂઆતનો ક્રમ જુઓ, પ્રથમ **ઈમાન**, પછી **તાઝીમે નબી** પછી રબની **ઈબાદત.** એટલા માટે કે અલ્લાહ વ રસૂલ પર ઈમાન લાવ્યા વિના તાઝીમનો અર્થ નથી અને છેવટે ઈબાદતનો ઉલ્લેખ થયો કેમ કે **તાઝીમે નબી વિના ઈબાદત પણ નિરર્થક** છે.

સારાંશ કે ઈમાન નામ છે રસૂલની તાઝીમ તથા મહોબ્બતનું, કેમ કે મહોબ્બત હશે તો જ સાચી તાઝીમ થશે. મતલબ કે **રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની "તાઝીમ તથા મહોબ્બતનું નામ ઈમાન" છે એ કુર્આને સૂચવી દીધું.**

એ સિવાય પણ પુષ્કળ આયતોમાં તાઝીમે નબીનો હુકમ આવ્યો છે જે બીજી કિતાબો જેમ કે **રહનુમાએ હક્ક, સલ્તનતે મુસ્તફા** વગેરેમાં વાંચશો.

અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત તથા તાઝીમ ઈમાન કેમ ન કહેવાય ?! જ્યારે કે શૈતાન લાખો વરસનો આબિદ હતો, અલ્લાહને એક માનનાર તૌહીદવાળો હતો, છતાં એક સજદો તા'ઝીમનો નબીને ન કર્યો તો તેની સર્વ ઈબાદતો તથા તૌહીદનો અકીદો યાને અલ્લાહને એક માનવું બેકાર



ગયું અને તેને જન્નતમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને તેને કાફિર ઠરાવવામાં આવ્યો.

તફસીરની કિતાબોમાં છે કે, "હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની પેશાની મુબારકમાં જે નૂરે મુહમ્મદી સમાયેલ હતું અને તે જ નૂરે મુહમ્મદીની તાઝીમ માટે અલ્લાહ તઆલાએ બધા જ ફરિશ્તાઓને હુકમ કર્યો." (તફસીરે કબીર, તફસીરે નિશાપૂરી)

સારાંશ કે શૈતાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરે પાકની તાઝીમ યાને નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ ન કરી તો મરદૂદ થઈ ગયો. તો આજે પણ કોઈ હુઝૂરની તાઝીમનો મુન્કિર બને તો તેનો અંજામ પણ શૈતાન જેવો જ થશે, તે પણ કાફિર ઠરશે.

**સવાલ** :– હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ તથા આપની અઝમત વિશે થોડકી વાતો મહાન બુઝુર્ગોની કિતાબોમાંથી જણાવશો ?

**જવાબ** :– **(૧)** "ફતાવા કાઝીખાન"માં છે કે જે શખ્સ નબીને કોઈ પ્રકારની અયબ લગાડે તો તે કાફિર છે.

**(૨)** "ફતાવા આલમગીરી"માં છે કે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના બાલ મુબારકને "બલ્વા" કહે (તોછડી ભાષાનો શબ્દ વાપરે જેમ કે ઈકબાલને ઈકબાલ્યો કહે છે તેમ) તો કાફિર થઈ જશે.

**(૩)** "શિફા શરીફ"માં છે કે, "જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન પાકને (જૂતા મુબારક)ને જૂતીયા કહે તે પણ કાફિર છે.

**(૪)** ઈમામે આ'ઝમના મશહૂર શાગિર્દ ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ નો વાકયો છે કે ખલીફા હારૂન રશીદના ત્યાં દસ્તરખાન પર દૂધી પીરસવામાં આવી ત્યારે એક શખ્સે કહ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દૂધી પ્રિય હતી. તો એક શખ્સ એવું બોલ્યો કે, "મને સારી નથી લાગતી !" તો ઈમામ અબૂ યૂસુફે તલ્વાર ખેંચી કાઢી અને ફર્માવ્યું કે, "તું મુર્તદ થઈ ગયો ! તૌબા કર અને ફરી કલ્મો પઢ ! નહીં તો હું તને કત્લ કરી દઈશ !" તો પેલાએ તૌબા કરી કલમો પઢયો ત્યારે છૂટકારો થયો.

**(૫)** "શિફા શરીફ"માં છે કે, "ઈમામ માલિક رحمۃ اللہ علیہ સામે કોઈ

બોલ્યું કે, "મદીનાની માટી ખરાબ છે !" તો આ સાંભળી ઈમામ માલિકે ફત્વો આપ્યો કે પેલા ગુસ્તાખને ત્રીસ કોરડા ફટકારી જેલમાં ધકેલી દેવામાં આવે." સાથોસાથ ફર્માવ્યું કે, "જે શખ્સ એવું કહે કે મદીનાની માટી સારી નથી તેને કત્લ કરી દેવાની જરૂર છે."

**(૬)** ઈબ્ને માલિકે હઝરત વહબથી રિવાયત કરી કે, "જે કોઈ શખ્સ એવું કહે કે નબીની ચાદર અથવા કમીસની ગુંદી મેલી છે તેને કત્લ કરવામાં આવે. (શિફા શરીફ)

**(૭)** હન્ફી મઝહબના ઈમામ સૈયદેના અબૂ યૂસુફ رضی اللہ عنہ "કિતાબુલ ખિરાજ"માં લખે છે કે જે મુસલમાન થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગાળ આપે, હુઝૂર તરફ જૂઠને જોડે કે કોઈ રીતે પણ હુઝૂરની શાન ઘટાડે તે યકીનન કાફિર છે, તે ખુદાનો મુન્કિર થઈ ગયો, તેની સ્ત્રી તેના નિકાહથી નીકળી ગઈ.

**(૮)** "દુર્રે મુખ્તાર"માં છે કે જે કોઈ નબીની શાનમાં બેઅદબીના કારણે કાફિર થયો તેની તૌબા પણ સ્વીકાર્ય નથી. વળી, જે તેના કુફ્રમાં કે અઝાબમાં શંકા લાવે તે પણ કાફિર છે.

આજના સબકનો સાર એ છે કે ઈમાનની જાન રસૂલુલ્લાહની મહોબ્બત છે, જેનામાં એ નથી તે ગમે તેવો નમાઝી, હાજી બને પણ મુસલમાન નથી રહેતો. હજી આગળ વાંચતા ચાલો.

## ★ તા'ઝીમે નબી વિશે હદીષની વાતો ★

**સવાલ :–** શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઅદબી કરનારનું ખરાબ પરિણામ આવ્યું હોય એવા કોઈ પ્રસંગો પણ બન્યા છે ?

**જવાબ :–** હા ! અલ્લાહ ચાહે તો તેના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી કરનારને દુનિયામાં પણ ઝલીલ કરે છે. એના અનુસંધાનમાં એક હદીષ સાંભળો ! :–

"એક શખ્સ વહી લખનાર લહીયો (કાતિબ) હતો જેના માથે રસૂલુલ્લાહ પર અલ્લાહ તરફથી વહી હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم મારફત થતી તે વહીને



લખી લેવાની જિમ્મેદારી હુઝૂરે તેને સોંપી હતી. તેના પર કાંઈક એવી ફિટકાર પડી કે તે ઈમાન લાવ્યા બાદ ઈસ્લામથી ફરી ગયો (મુર્તદ થઈ ગયો) અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં અયબ લગાડવા લાગ્યો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેને દાટી દેવામાં આવ્યો. પણ ધરતીએ તેને બહાર ફગાવી દીધો ! તેના મિત્રો સમજ્યા કે સહાબાએ તેને કાઢી નાખ્યો હશે. તો ફરી ઊંડો ખાડો ખોદીને તેને દફન કર્યો છતાં પણ ધરતીએ તેને સંગ્રહયો નહીં. મતલબ કે ઘણીવાર દફન કરવા છતાં લાશ ધરતીની બહાર આવી જતી." આ હદીષથી પુરવાર થયું કે બારગાહે મુસ્તફાથી ફેંકાઈ ગયેલાને કોઈ કબૂલ નથી કરતું. *(બુખારી શરીફ, ભાગ–૧, કિતાબુલ મનાકિબ)*

**સવાલ :–** રસૂલની મહોબ્બત ઈમાનની જાન છે એ વિશે કોઈ હદીષ પણ આવેલી છે ?

**જવાબ :–** હા ! રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ ફર્માવ્યું છે :–

**અર્થાત :** "તમારામાંથી **કોઈ ઈમાનવાળો થશે નહીં** જ્યાં સુધી હું તેને **તેના માં બાપ, ઔલાદ તથા તમામ લોકોથી વધારે પ્રિય ન થઈ જાઉં."**

એક હદીષમાં છે કે, (અર્થ) : **તમારામાંથી કદીય કોઈ મોમિન થશે નહીં જ્યાં સુધી હું તેને તેના પ્રાણ કરતાં વધારે પ્યારો ન થઈ જાઉં."** (શિફા શરીફ)

સાબિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત માં, બાપ, ઔલાદ, સર્વ લોકો એટલે સુધી કે પોતાના પ્રાણથી પણ અધિક જે માણસમાં હશે નહીં તે મોમિન થઈ શકશે નહીં.

પ્યારા બાળકો ! આ લખાણનો વારંવાર અભ્યાસ કરીને એટલું સમજી લો કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત તથા તાઝીમ કેટલી મહત્વની ચીજ છે, તો આગળ આવતા લખાણમાં તમને સરળતાથી ખયાલ આવી જશે કે આ વહાબી ફિર્કો ખરેખર રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુસ્તાખ છે જ અને તેથી જ યકીનન કાફિર મુર્તદ છે.

## સબક : ૬

# ★ વહાબી દેવબંદી ફિર્કાને ઓળખો ★

**સવાલ :–** "વહાબી" નામ શાના પરથી પડયું અને એ ફિર્કાના લોકોના અકીદા કેવા છે કે જેથી તેમને ગુસ્તાખે રસૂલ કહેવામાં આવે છે ?

**જવાબ :–** મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી નજદમાં બની તમીમના કુટુંબમાં હિ.સ. ૧૧૧૫ (ઈ.સ. ૧૭૦૩)માં જન્મ્યો. તેણે વહાબી મઝહબનો પાયો નાખ્યો અને અંગ્રેજોના ઈશારે તથા સહકારથી તેણે એવો ફિત્નો ફેલાવ્યો કે ઈસ્લામના કિલ્લામાં ધરતીકંપ પેદા થયો, જેના નાપાક અસ્તિત્વથી કેટલાય સુન્ની સહીહુલ અકીદા લોકો ગુમરાહીમાં પડી ગયા અને મુસલમાનોમાં આપસમાં વિખવાદ ખડો થયો અને કૌમના ટુકડા થઈ ગયા. જેનાથી કાફિરો, યહૂદી, ઈસાઈઓ મુસ્લિમો પર સવાર થઈ ગયા અને સુન્નીઓની જે તુર્કી ઉષ્માની હુકૂમત હતી તેનો નાશ થયો. આ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદીના અનુયાયીઓને **વહાબી** કહેવામાં આવે છે. તેણે પોતાની કિતાબ **કિતાબુત્તૌહીદ**માં તૌહીદના બહાને નબી વલીની ભરપૂર તૌહીન કરી છે. તેણે એ કિતાબમાં લખ્યું છે કે, "જેણે નબી વલી વગેરેને પોતાના મદદગાર માન્યા તો તે તથા અબૂ જહલ શિર્કમાં સરખા છે."

જ્યારે કે કુર્આન ફર્માવે છે :–

إِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ **અર્થ :** "બેશક ! અલ્લાહ તથા તેના રસૂલ તમારા વલી (મદદગાર) છે." *(સૂરએ માઈદહ્, આયત–૫૫, પારા–૬)*

આમ વહાબીનો આ અકીદો કુર્આનની વિરૂધ્ધ છે. તથા તેના એક ચેલાએ તેની સમક્ષ હુઝૂર ﷺની શાનમાં ગુસ્તાખી કરતાં કહ્યું કે :–

**"મારી લાકડી મુહમ્મદથી બેહતર છે ! કારણ કે સાપ વિગેરે મારવામાં તે કામ આપી શકે છે. મુહમ્મદ મૃત્યુ પામી ચૂકયા છે તેથી હવે તેમનામાં કોઈ લાભ રહ્યો નથી. તે તો માત્ર એક "એલચી" હતા, જેઓ આ દુનિયાથી વિદાય થઈ ગયા !"** (ખુદાની પનાહ !)



"હુઝૂર ﷺના રોઝા મુબારકને મુહમ્મદ અબ્દુલ વહ્હાબે **મહાન મૂર્તિ** (સનમે અકબર) કહી છે." તથા તેમનો અકીદો એ છે કે "નબી વલીની કબર તરફ સફર કરવી ઝિનાથી મોટો ગુનો છે."

વિચારો ! આ કેટલું સખ્ત ગુસ્તાખીપૂર્ણ લખાણ વહાબીનું છે ! એ કયા મોઢે પોતાને રસૂલના ઉમ્મતી ગણાવી શકે છે જ્યારે કે પોતાની લાકડીને નબીથી બેહતર કહે છે ! કેમ કે શિફા શરીફમાં છે, "હુઝૂરના બાલ મુબારકને તુચ્છકારમાં બોલીને "બાલ્વા" કહે તે કાફિર છે, મદીના શરીફની માટીને ખરાબ કહેનારને કત્લ કરવાની જરૂર છે.... વગેરે." અને આ ગુસ્તાખે રસૂલ કેટલી ભયાનક ગુસ્તાખી હુઝૂરની કરી રહ્યો છે. આ ગુસ્તાખે રસૂલે મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહ્હાબના નામ પરથી તેના અનુયાયીને **વહાબી** કહેવાય છે અને તેઓના અકીદા જણાવ્યાનુસાર ગુસ્તાખીભર્યા હતા. તે નજદનો હોવાથી તેમને **નજદી** પણ કહે છે.

**સવાલ :–** ઉપર દર્શાવ્યું તેમ વહાબીઓ હુઝૂરથી મદદની માંગણીને શિર્ક કહે છે, તેમનામાં કોઈ ઈખ્તિયાર (લાભ) નથી એવું જણાવે છે એના પર શરીઅતની રૂએ શો હુકમ લાગશે ?

**જવાબ :–** આરિફ બિલ્લાહ ઈમામ અહમદ સાવી "તફસીરે સાવી"માં ફર્માવે છે કે, "બસ ! જેણે ગુમાન કર્યું કે નબી અન્ય લોકોની જેમ છે, કોઈ ચીજના માલિક નથી, તેમનાથી ન જાહેરી રીતે ન આંતરિક નફો (લાભ) પહોંચે છે, તો તે **કાફિર** છે. તેની દુનિયા તથા આખેરત બર્બાદ છે." (હવાલો તફસીરે સાવી)

**સવાલ :–** આ **દેવબંદી**, **જમાઅતી** તથા **તબ્લીગી** ફિર્કો શું છે ?

**જવાબ :–** મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદીની ઝેરોક્ષ કોપી એટલે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, તેણે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબની કિતાબો **કિતાબુત્તૌહીદ** તથા **રદ્દે ઈશ્રાક** જે નબી વલીની ગુસ્તાખીથી ભરપૂર છે તેની ઉર્દૂ એડીશન બહાર પાડી જેનું **"તક્વિયતુલ ઈમાન"** નામ રાખ્યું. જેમાં નબી વલીની ભરપુર બેઅદબી ભર્યા લખાણો ઉધ્ધતાઈપૂર્વક લખેલાં છે. એ જ પ્રમાણે મોલ્વી અશરફ અલી થાનવી,

મોલ્વી રશીદ અહમદ ગંગોહી, મોલ્વી કાસિમ નાનોત્વી, ખલીલ અહમદ અંબેઠવી, કારી મુહમ્મદ તૈયબ, મોલ્વી હુસૈન અહમદ ટાંડવી... વગેરે દેવબંદી પેશવાઓ છે તેમણે નબી વલીની શાન ઘટાડતાં લખાણો લખેલાં છે. દેવબંદમાં તેમનો મર્કઝી દારુલ ઉલૂમ આવેલો છે તેની નિસ્બતને કારણે તેઓ **દેવબંદી** કહેવાયા અને એમના થકી કલમા નમાઝના બહાને, તબ્લીગના નામે લોકોને દેવબંદિયત તરફ આકર્ષવા છેતરવા માટે તબ્લીગી જમાઅત ગામે ગામે શહેર શહેર ફરતી રહે છે તેથી તેમને **જમાઅતી** તથા **તબ્લીગી** પણ કહે છે.

**સવાલ** :– દેવબંદી મોલ્વીઓએ નબી વલીના ઈલ્મ વિશે તૌહીન કઈ રીતે કરી છે ? અને કોણે શું તેમની કિતાબોમાં લખ્યું છે તે ટૂંકમાં દર્શાવશો.

**જવાબ** :– ઈલ્મે નબી વિશે તથા વલી વિશે તેમના ગુસ્તાખીભર્યાં લખાણો આ પ્રમાણે છે :–

**મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી "તક્વિયતુલ ઈમાન"માં લખે છે :–**

✪ જે એવું કહે કે અલ્લાહના નબી અથવા કોઈ ઈમામ કે કોઈ બુઝુર્ગ ગયબની વાત જાણતા હતા અને શરીઅતની અદબના કારણે મોઢેથી કહેતા ન હતા તો એવો માનવી જૂઠો છે, ગયબની વાત એક માત્ર અલ્લાહ સિવાય કોઈ જ જાણતો નથી.

✪ જે કોઈ નબી, વલી અથવા જિન તથા ફરિશ્તાને માટે ઈલ્મે ગયબ હોવાનો અક઼ીદો ધરાવે તો તે **મુશ્રિક** થઈ જાય છે.

✪ અને એ બાબતમાં (ઈલ્મે ગયબ હોવામાં) **અવલિયા, અંબિયા અને જિન્ન તથા ભૂત અને પરીમાં કંઈ જ ફરક નથી.** ગયબનો ઈલ્મ કોઈને જ નથી.

શું આ રસૂલની તૌહીન નથી કે શૈતાન, ભૂત, પરી વગેરેની લાઈનમાં રસૂલને ખડા કરી આપ્યા ! કે **જેવી રીતે શૈતાન, ભૂત, પરી કાંઈ નથી જાણતા તે જ પ્રમાણે રસૂલને કોઈ ગયબનો ઈલ્મ નથી.** (મઆઝલ્લાહ !)

✪ અલ્લાહ તઆલા પોતાના બંદાઓ સાથે જે વ્યવહાર કરશે પછી તે



દુનિયામાં કે ક઼બરમાં કે ક઼િયામતમાં (હોય) તે હક઼ીક઼તની જાણકારી કોઈને નથી, ન નબીને કે ન વલીને, ન પોતાનો હાલ ન બીજાઓનો. (એટલે હુઝૂરને પોતાના અંજામની પણ ખબર ન હતી !)

✪ જો કોઈ કોઈનું નામ ઉઠતાં બેસતાં લીધા કરે અને દૂર નજીકથી પુકારે, એવું સમજે કે જ્યારે હું તેમનું નામ લઉં છું તો તેમને ખબર થઈ જાય છે..... આ પ્રકારની સર્વ વાતો **શિર્ક** છે. ભલે એવો અક઼ીદો અંબિયા, ઔલિયાથી રાખે કે પીર તથા શહીદથી, ચાહે ઈમામ તથા ઈમામઝાદાથી, ચાહે ભૂત તથા પરીથી, વળી ભલે એવું સમજે કે આ વાત તેમને તેમની જાતથી છે **ચાહે સમજે કે અલ્લાહના આપવાથી,** તો પણ આવી માન્યતાથી દરેક રીતે **શિર્ક** સાબિત થશે." *(તક્વિયતુલ ઈમાન)* (અલ્લાહના આપવાથી પણ નબી વલીને ઈલ્મ ન હોય શકે ! એવું આ દેવબંદી કહે છે.)

**બીજા દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે કે,**

✪ જે માણસ અલ્લાહ સિવાય ઈલ્મે ગયબ બીજા માટે સાબિત કરે તે નિઃશંક **કાફિર** છે. તેની ઈમામત, તેની સાથે મેળમેળાપ, મહોબ્બત રાખવી હરામ છે. (ફતાવા રશીદિય્યહ, ભાગ–૨)

✪ આપ ﷺ માટે ઈલ્મે ગયબ હતો એવું માનવું **શિર્ક** છે. (ફતાવા રશીદિયહ, ભાગ–૧)

✪ જ્યારે અંબિયા علیہم السلام ને ઈલ્મે ગયબ ન હતો તો "યા રસૂલલ્લાહ" કહેવું **શિર્ક** થશે. (ફતાવા રશીદિયહ)

**ત્રીજા મોલ્વી અશરફ અલી થાનવી લખે છે કે :–**

✪ કોઈને દૂરથી પોકરવો અને સમજવું કે તેને ખબર થઈ ગઈ **કુફ્ર** તથા **શિર્ક** છે. (બહિશ્તી ઝેવર)

✪ એવો ઈલ્મે ગૈબ તો (હુઝૂરના જેવો કે જેટલો) તો "ઝૈદ" તથા "અમ્ર" બલ્કે **તમામ બાળકો** તથા **પાગલો** બલ્કે **તમામ જાનવરો** તથા **ચોપગાંઓને** માટે પણ પ્રાપ્ય છે. (હિફ્ઝુલ ઈમાન)

**ચોથા મોલ્વી કારી મુહમ્મદ તૈયબ દેવબંદી લખે છે કે:–**

✪ રસૂલ અને ઉમ્મતી એટલે સુધી સરખા છે કે બંનેને ગયબનો ઈલ્મ નથી.
–(ફારાન અખ્બારનો તૌહીદ નંબર, પેજ–૧૧૮)

**મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી લખે છે કે :–**

✪ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પીઠ પાછળ, દીવાલ પાછળનો ઈલ્મ નથી.
*–(બરાહીને કાતિઅહ્)*

**સર્વ દેવબંદી મોલ્વીઓનો અક઼ીદો છે કે :–**

✪ પાંચ ચીજોનો ઈલ્મ અલ્લાહ સિવાય કોઈને નથી, એ અલ્લાહનો જ ગુણ (સિફત) છે અને અલ્લાહ સિવાય કોઈના માટે સાબિત કરે તો તે **મુશ્રિક** છે. તેને **ઉલૂમે ખમ્સા** કહે છે. ક઼યામત ક્યારે થશે, વરસાદ ક્યારે પડશે, સ્ત્રીના પેટમાં પુત્ર છે કે પુત્રી, કોણ ક્યારે ને કયાં મરશે.

**સારાંશ** એ કે તેઓ નબી વલીના માટે ઈલ્મે ગયબને માનનારને **મુશ્રિક** કહે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પીઠ પાછળ કે દિવાલ પાછળનોય ઈલ્મ નથી, હુઝૂરના ઈલ્મને બાળકો, પાગલો તથા જાનવરો સાથે સરખાવે છે, શૈતાન, ભૂત, પરીની જેમ રસૂલ પણ કાંઈ નથી જાણતા, રસૂલ અને ઉમ્મતી આ ઈલ્મ બાબતે સરખા છે....વગેરે લખે છે.

હવે તમે જ વિચારો કે કોઈ સામાન્ય માણસને આપણે કહીએ કે **તારો ઈલ્મ તો શૈતાન જેવો, જાનવર જેવો છે, તારો ઈલ્મ ગધેડા જેટલો છે, કૂતરા જેટલો છે, પાગલ જેટલો છે ! તો એમાં તેનું અપમાન છે કે નહીં ?** જરૂર ! કોઈને પણ આવું કહીએ તો ખોટુ જ લાગે ! તો એ જ વાત અલ્લાહે જેમને રસૂલ બનાવીને આપણી હિદાયત માટે મોકલ્યા તેમના માટે કહેવામાં આવે તો તે એ કેટલી મોટી ગાળ (અપશબ્દ) કહેવાશે ! અને અલ્લાહના રસૂલને ગાળો આપનાર આ વહાબી, દેવબંદીઓ મુસલમાન કહેવાશે ?! હરગિઝ નહીં. તેઓ સૌ રસૂલે પાકની તૌહીન કરીને કાફિર થઈ ગયા. અને આવા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરનારને પેશ્વા તથા મુસલમાન સમજે તે પણ કાફિર થઈ જશે. માટે તમો તેમની નમાઝો, દાઢી,



ઝભ્ભા, તસ્બીહો, કલ્માને જોઈને છેતરાશો નહીં, પણ તેમનાથી દૂર જ રહેજો. તેમની પાછળ નમાઝ પણ પઢશો નહીં, તેમની પાસે કુર્આન પણ પઢશો નહીં, ન તમારાં બાળકોને પઢાવશો, નહીં તો તેમનાં જેવાં જ થશે.

**સબક : ૭**

## ★ ઈલ્મે ગયબ વિશે કુર્આન હદીષથી સાબિતી ★

**સવાલ** : શું નબી વલીને ઈલ્મે ગયબ હોવાની સાબિતી કુર્આનમાં છે ખરી ?

**જવાબ** : હા ! કુર્આન શરીફની ઘણી આયતો એની સાબિતીમાં છે :–

**★ આયત : ૧ ★**

وَلَا يُحِيطُونَ بِشَيْءٍ مِّنْ عِلْمِهِ إِلَّا بِمَا شَاءَ ۚ

**(અર્થ)** : "અને તેઓ નથી પામતા તેના (રબના) ઈલ્મમાંથી, પણ જેટલું તે ચાહે." *(સૂ. બકરહ્, પારા–૩, આયત–૨૫૫)*

**★ આયત : ૨ ★**

وَمَا كَانَ اللَّهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلَٰكِنَّ اللَّهَ
يَجْتَبِي مِن رُّسُلِهِ مَن يَشَاءُ

**(અર્થ)** : "અને અલ્લાહની એ શાન નથી કે હે સામાન્ય માણસો ! તમને ગયબનો ઈલ્મ આપે, હા ! અલ્લાહ ચૂંટી કાઢે છે પોતાના રસૂલોમાંથી જેને ચાહે." *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯)*

**★ આયત : 3 ★**

وَعَلَّمَكَ مَا لَمْ تَكُن تَعْلَمُ ۚ وَكَانَ فَضْلُ اللَّهِ عَلَيْكَ عَظِيمًا ﴿١١٣﴾

**(અર્થ)** : "અને આ કિતાબમાં તમને શીખવાડી દીધું જે કાંઈ તમે ન જાણતા હતા. અને અલ્લાહનો તમારા પર મહાન ફઝ્લ છે." *(સૂરએ નિસાઅ, આયત–૧૧૩)*

**★ આયત : ૪ ★**

مَا فَرَّطْنَا فِى الْكِتٰبِ مِنْ شَىْءٍ **(અર્થ)** : "અમે આ કિતાબમાં કાંઈ ઉઠાવી ન રાખ્યું." (સૂરએ અન્આમ, આયત–૩૮, પારા–૭) એટલે કે "કુર્આન શરીફમાં દરેક ચીજનું વર્ણન છે." *(ખાઝિન)*

**★ આયત : ૫ ★**

وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَىْءٍ **(અર્થ)** : "અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે (જેમાં) દરેક ચીજનું રોશન બયાન છે." (સૂરએ નહ્‌લ, પારા–૧૪, આયત–૮૯)

**★ આયત : ૬ ★**

وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ **(અર્થ)**: "અને લોહે મહફૂઝમાં જે કાંઈ લખ્યું છે તે સૌની વિગત કુર્આનમાં છે એમાં કોઈ શંકા નથી." (સૂરએ યૂનુસ, પારા–૧૧, આયત–૩૭)

**★ આયત : ૭ ★**

اَلرَّحْمٰنُ ۝١ عَلَّمَ الْقُرْاٰنَ ۝٢ خَلَقَ الْاِنْسَانَ ۝٣ عَلَّمَهُ الْبَيَانَ ۝٤

**(અર્થ)** :"રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું, ઈન્સાનિયતની જાન મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પેદા કર્યા, **મા કાન વમાયકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ)નું વર્ણન તેમને શીખવાડયું. (સૂરએ રહમાન, આયત–૧,૨,૩, પારા–૨૭)

**★ આયત : ૮ ★**

فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖۤ اَحَدًا ۝٢٦ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ

**(અર્થ)** : " તો (રબ) પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, તેના પસંદીદા રસૂલો સિવાય." (સૂરએ જિન, પારા–૨૯, આ. ૨૬,૨૭)

કયાં સુધી વર્ણન કરવામાં આવી અગણિત આયતો કુર્આનમાં છે જેમાં રબ તઆલા તો સ્પષ્ટ ફર્માવે છે કે **રબ જેને ચાહે તેને પસંદીદા રસૂલોમાંથી "ગયબનો ઈલ્મ" આપે છે.** તથા રબે ફર્માવ્યું, કુર્આનમાં અઝલથી



અબદ સુધી સર્વ ચીજોનું વર્ણન છે, લોહે મહફૂઝમાં દરેક ચીજનું વર્ણન છે, કોણ કયારે જન્મશે, મરશે, શું શું થશે. અને લોહે મેહફૂઝનો ઈલ્મ કુર્આનમાં છે તેમ કુર્આન જ જણાવે છે જેમ કે આયત તમે જોઈ કે તે સૌ કુર્આનમાં પણ છે. કુર્આનને સૌથી વધારે કોણ સમજ્યું ? આપણા રસૂલ જ તો ! પછી તેમને કેમ ઈલ્મ ન હોય. હવે તમે જ કહો કે દેવબંદીઓએ તો સાફ ઈન્કાર કર્યો કે ગયબનો ઈલ્મ કોઈને નથી અને અલ્લાહ સિવાય કોઈના માટે માનો તો શિર્ક છે ! **તો હવે તમે કોનું માનશો ? કુર્આનનું કે દેવબંદી મોલ્વીઓનું ?!** સ્પષ્ટ છે કે રબ તઆલાનું જ માનીશું. અને દેવબંદી જૂઠા છે તથા કુર્આનની આયતોને ન માનનારા છે તથા રસૂલની ગુસ્તાખી કરનારા છે જેથી તેઓ **કાફિર** છે અને **તેમના કાફિર હોવામાં જે શક કરે તે પણ કાફિર ઠરશે.** આયત ક્રમ નં. ૭ જુઓ કે જેનો ઉસ્તાદ રહમાન રહીમ રબ હોય તેને ઈલ્મ નથી એવું કહેવું એ રબની જ તૌહીન છે અને રબ તઆલાની તૌહીન કરનારો કયાંથી મુસલમાન ગણાશે!

**સવાલ** : શું હુઝૂરને ગયબનો ઈલ્મ છે તેવું હદીષોથી સાબિત છે ?

**જવાબ** : હા ! અસંખ્ય હદીષો એના વિશે છે :–

**(૧)** બુખારી શરીફ તથા મિશ્કાત શરીફ (ભાગ–૨) માં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત છે : (અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક જગાએ અમારા વચ્ચે રોકાયા પછી અમને પેદાઈશની ખબર આપી, એટલે સુધી કે જન્નતી લોકો જન્નતમાં અને જહન્નમીઓ જહન્નમમાં પહોંચી ગયા ત્યાં સુધીની ખબર કહી આપી. જેણે યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો.

**(૨)** મિશ્કાત બાબુલ મો'જિઝાતમાં મુસ્લિમથી અમ્ર ઈબ્ને અખ્તબની રિવાયતથી એ જ પ્રમાણે નક઼લ કરે છે પણ એમાં એટલું વધારે છે કે, "અમને તમામ પ્રસંગોની ખબર આપી દીધી જે ક઼િયામત સુધી થનાર છે. તો અમારામાં મોટો આલિમ તે છે જે એ વાતોને અધિક યાદ રાખનારો હોય."

**(૩)** મુસ્લિમ (ભાગ–૨) માં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે (અર્થ) : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગઝવએ બદરમાં આગલા દિવસે ફર્માવ્યું કે,

અહીં ફલાણી વ્યકિતને (કત્લ થઈને) પડવાની જગા છે, અહીં ફલાણી વ્યકિત, અને પોતાના હાથ મુબારકથી જગા તરફ ઈશારો કરતા રહ્યા. રાવીએ ફર્માવ્યું કે, "કોઈ પણ કત્લ થનારાઓમાંથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિશાની કરેલી જગાએથી જરા પણ ખસ્યો નહીં, ત્યાં જ પડયો.

**(૪)** બુખારી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી નકલ થયેલ છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બે કબરો પાસેથી પસાર થયા જેમાં અઝાબ થઈ રહ્યો હતો. કારણ એ કે એક પેશાબના છાંટાથી બચતો ન હતો બીજો ચુગલીખોર હતો. આપે એક લીલી ડાળી લઈને તેના બે ભાગ કર્યા પછી બંને કબર પર એક એક રાખી દીધી ને ફમાવ્યું કે જ્યાં સુધી આ સૂકાશે નહીં ત્યાં સુધી આ બંનેના અઝાબમાં કમી કરવામાં આવશે.

કબરમાં કોણ છે ? તેના પર અઝાબ થાય છે ? શા માટે થાય છે ? તેના અમલ શું હતા ? શું આ ગયબની વાતો નથી ? તો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ગયબ જાણતા હતા કે નહીં ? એ હદીષથી પુરવાર થયું કે નહીં ?!

**(૫)** સૂરએ આલે ઈમરાન, આયત–૧૭૯ ની તફસીર હેઠળ "તફસીરે ખાઝિન"માં છે કે, "મારી સમક્ષ ઉમ્મત પેશ કરવામાં આવી અને મને બતાવી દેવામાં આવ્યું કે કોણ ઈમાન પર મરશે અને કોણ કુફ્ર પર." આ ખબર ત્યારના મુનાફિકોને મળી તો તેઓ હસી મઝાક કરવા લાગ્યા કે લો ! તેમને લોકોની પેદાઈશથી પહેલાં જ કાફિર તથા મો'મિન થનારની ખબર થઈ ! જ્યારે અમે તો તેમની સાથે રહીએ છીએ છતાં અમને તો ઓખળતા નથી ! આ ખબર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને થઈ તો મિમ્બર પર ઉભા થયા અને ખુદાની હમ્દો ષના કરી ફર્માવ્યું કે, "કૌમનો શું હાલ છે કે મારા ઈલ્મ પર તાણા મારે છે ! અત્યારથી લઈને કિયામત સુધીની કોઈ પણ ચીજના બારામાં જે પણ તમે મને પૂછશો તેની હું ખબર આપીશ !"

"તકવિયતુલ ઈમાન"માં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે કે, "આ સૌ જે ગયબ જાણવાનો દાવો કરે છે, કોઈ કશ્ફનો દાવો કરે છે......એ સૌ જૂઠા છે અને દગાબાઝ !"

હવે વિચારો કે આ દેવબંદી મોલ્વીએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શું ઠરાવ્યા ? જૂઠા તથા દગાબાઝ કે બીજુ કાંઈ ?! (મઆઝલ્લાહ !) તથા રબ તઆલાએ



કુર્આનમાં જે ઈલ્મ આપવા વિશે ફર્માવ્યું છે, તો રબ તઆલા શું ઠરશે ? મઆઝલ્લાહ ! માટે જ આ દેવબંદીઓથી દૂર રહો જેમના અકીદા આટલા ગંદા છે.

**સારાંશ કે** ઉપરોકત હદીષો પરથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મ વિશે ટીકા કરવી એ મુનાફિકોની જૂની આદત છે. અરે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો સૈયદુલ અંબિયા છે, જયારે હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم માટે કુર્આનમાં છે કે, وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ فِیْ بُیُوْتِكُمْ (અર્થ) : "હું તમને બતાવી શકુ છું કે જે કાંઈ તમે તમારા ઘરોમાં ખાવ છો અને જે કાંઈ જમા કરો છો." *(સૂરએ આલે ઈમરાન, આયત–૪૯)* તે ઉપરાંત કુર્આન–હદીષમાં ઘણા પ્રસંગો છે જેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ પુરવાર થાય છે. એના વધુ અભ્યાસ માટે **જાઅલ હક્ક** તથા **રહનુમાએ હક્ક** વગેરે કિતાબો વાંચશો.

**સબક : ૮**

## ★ દેવબંદી મોલ્વી શૈતાન માટે ઈલ્મે ગૈબ માને છે રસૂલ માટે નહીં ! ★

**સવાલ** : શું દેવબંદી મોલ્વીની દ્રષ્ટિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈલ્મ વધારે કે શૈતાનનો ? શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈલ્મ કુર્આન હદીષથી સાબિત છે કે શૈતાનનો ?

**જવાબ** : દેવબંદી મોલ્વીની દષ્ટિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે છે ! મોલ્વી ખલીલ અંબેઠવી તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહી કિતાબ "બરાહીને કાતિઅહ્", પેજ–૫૧ ઉપર લખે છે : "શૈતાન તથા મલકુલ મૌતને એ વિશાળતા (ઈલ્મની) નસથી (કુર્આનથી) સાબિત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે ઈલ્મની કઈ કુર્આની દલીલ છે ?!"

જોયું તમે ! આને કહે છે શૈતાનથી મહોબ્બત અને રસૂલથી દુશ્મની ! તમે અગાઉ કુર્આનની આયતો તથા હદીષોથી જાણી લીધું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને

ગયબનો ઈલ્મ અલ્લાહે આપ્યો છે છતાં **આ દેવબંદીઓ કેટલી ઉધ્ધતાઈપૂર્વક ના પાડે છે કે શૈતાન તથા મલકુલ મૌતને તો ઈલ્મે ગયબ છે પણ અલ્લાહના રસૂલને નથી !** વળી આગલા લખાણોમાં તેમણે જ લખ્યું છે કે "અલ્લાહ સિવાય કોઈના માટે ઈલ્મ ગયબ (અલ્લાહના આપવાથી પણ) માનવો **શિર્ક** છે. તો પોતાના ફત્વાથી પોતે જ મુશ્રિક થયા કે નહીં ?! કેમ કે શૈતાનના માટે તો ઈલ્મે ગયબ માની લીધો ! જરૂર પોતાના ફત્વાથી પોતે જ મુશ્રિક થયા.

## ★ દેવબંદીની નજરમાં ઉમ્મતી નબી કરતાં અમલમાં વધી જાય છે ! ★

**સવાલ** : શું દેવબંદી મોલ્વીઓની માન્યતા એવી પણ છે કે, "ઉમ્મતી અમલમાં નબીના બરાબર થઈ શકે છે ?"

**જવાબ** : હા ! તેમણે ઈલ્મમાં તો પોતે શૈતાનના ચેલા હોવાથી શૈતાનને ઈલ્મે ગયબ જાણનાર અને રસૂલને ઈલ્મે ગયબ ન જાણનાર જાહેર કર્યું, એટલી ગુસ્તાખીથી તેમને સંતોષ ન થયો તો હવે અમલમાં રસૂલ કરતાં ઉમ્મતીને વધારી દીધા !

"તહઝીરુન્નાસ"માં મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી, પેજ–૫ ઉપર લખે છે : "અંબિયા પોતાની ઉમ્મતથી જો ચઢિયાતા હોય છે તો ઈલ્મમાં જ હોય છે ! બાકી રહ્યો અમલ, તો એમાં ઘણીવાર જાહેરી તૌર પર ઉમ્મતી સરખો થઈ જાય છે બલ્કે વધી જાય છે !"

**સાવધાન** : પ્યારા બાળકો ! જુઓ અહીં ઈલ્મમાં રસૂલને ઉમ્મતી કરતાં ચઢિયાતા જણાવ્યું છે જ્યારે અમલમાં ઉમ્મતીને વધાર્યા છે ! અને એક જગાએ અશરફ અલી થાનવીએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મને બાળકો, પાગલો, જાનવરો જેવો કે જેટલો બતાવ્યો, તથા ઉપર જણાવ્યું તેમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે દર્શાવ્યું છે !

વિચારો કે આ દેવબંદી મોલ્વીઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરવામાં જાણે હરીફાઈમાં ઉતર્યા હોય તેમ નથી લાગતું ! (અલ્લાહની પનાહ)



**(સબક–૯)**

## ★ હુઝૂરના ઈખ્તિયાર બાબતે દેવંબદીની માન્યતા ★

**સવાલ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈખ્તિયાર બાબત દેવબંદીઓની માન્યતા શું છે ? એને તો માનતા હશે ને !

**જવાબ** : હા ! તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કયાં માનતા નથી ! માને જ છે ને ! કહે છે કે અમે પણ રસૂલને માનીએ જ છીએ ને ! પણ કેવા માને છે તે તો તમે ઉપર ઈલ્મે ગયબ વિશે જાણી લીધું ! ઈખ્તિયાર બાબતે પણ કેવા માને છે તે ઝલક જોઈ લો અને દેવબંદીઓથી નફરત કરો.

**(૧) મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી "તક્વિયતુલ ઈમાન"માં લખે છે કે :–**

- ★ જેનું નામ "મુહમ્મદ" કે "અલી" છે તે કોઈ ચીજના માલિક કે મુખ્તાર નથી.
- ★ મખ્લૂક નાની હોય કે મોટી (નબી, વલી) તે અલ્લાહની શાન આગળ ચમારથી પણ અધિક નીચ છે.
- ★ હુઝૂર અલ્લાહની નજીક અલ્પ રજકણથી પણ વધુ અશકત તથા ઝલીલ છે.
- ★ સઘળો કારોબાર અલ્લાહથી જ ચાલે છે રસૂલના ચાહવાથી કાંઈ થતુ નથી.
- ★ નબી, વલીની કબર તરફ સફર કરવી અને મૂર્તિઓ તરફ સફર કરવી શિર્ક છે. (એટલે નબી વલીની કબરને મૂર્તિઓ સાથે સરખાવી છે)
- ★ અલ્લાહને જ માન ! એના સિવાય કોઈને ન માન !
- ★ મુહમ્મદ સાહબ મરીને માટીમાં ભળી જનાર છે.
- ★ તો તેમણે (એટલે રસૂલે) કહી દીધું કે, "મને ન તો કાંઈ કુદરત

(ઈખ્તિયાર, શક્તિ) છે ન તો કાંઈ ગયબદાની, મારા અધિકારની હકીકત તો એ છે કે હું મારી જાન સંબંધે પણ નફા–નુકસાનનો માલિક નથી તો બીજાને માટે શું કહી શકું ?...મતલબ કે કાંઈ પણ ઈખ્તિયાર તથા ગયબદાની મારા હાથમાં નથી અને ન તો હું ખુદાઈનો દાવો કરું છું, હું તો કેવળ પયગમ્બરીનો જ દાવો કરું છું." *(તક્વિયતુલ ઈમાન)*

**(૨) મોલ્વી અશરફઅલી થાનવી**ની કિતાબ બહિશ્તી ઝેવર, હિસ્સો–૧, પેજ–૪૫ ઉપર કુફ્રો શિર્કની વાતોમાં છે કે : "......એવું કહેવું કે **ખુદા વ રસૂલ** ચાહે તો ફલાણુ કામ થઈ જશે એ **શિર્ક** છે."

**(૩) મોલ્વી રશીદ અહમદ ગંગોહી** ફતાવા રશીદિયહ્‌માં લખે છે :– "કબરવાળા પાસે મદદ માગવી ગમે તે રીતે હોય નાજાઈઝ છે."

**(૪) દેવબંદી મોલ્વી ગુલામખાન** "જવાહિરુલ કુર્આન" માં લખે છે કે : "કોઈ કોઈનો હાજત પૂરી કરનારો અને મુશ્કેલી ટાળનારો તથા મદદગાર કઈ રીતે થઈ શકે છે ? આવા અકીદાવાળા લોકો તદન **કાફિર** છે." *(જવાહિરુલ કુર્આન બહવાલા તકફીરી અફસાના)*

## ★ હુઝૂરના ઈખ્તિયાર સંબંધે કુર્આની આયતો ★

**સવાલ** : શું હુઝૂર ﷺના ઈખ્તિયાર બાબતે કુર્આન હદીષમાં કાંઈ વર્ણન આવેલું છે ? નહીં તો આ દેવબંદી મોલ્વીઓ તો હુઝૂરને કાંઈ પાવરવાળા માનવા તૈયાર જ નથી ! અને હુઝૂરને અધિકારવાળા માનનારને કાફિર કહે છે !

**જવાબ** : દેવબંદી મોલ્વીઓ હુઝૂર ﷺની દુશ્મનીમાં એવા ડૂબી ગયેલા છે કે તેઓ શું લખે બકે છે તેનું જાણે તેમને ભાન જ નથી. આવો આપણે સૌ પ્રથમ કુર્આનથી હુઝૂર ﷺના અધિકાર બાબતે જાણીએ :

**★ આયત : ૧ ★**

وَمَا نَقَمُوٓا اِلَّآ اَنْ اَغْنٰىهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ۚ

**(અર્થ)** : "અને તેઓને બુરું લાગ્યું એ જ ને કે એમને **અલ્લાહ વ રસૂલે** ગની (માલદાર) કરી દીધા." *(સૂ. તૌબા, આયત–૭૪, પારા–૧૦)*



**★ આયત : ૨ ★**

وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰىهُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ ۙ وَ قَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗۤ ۙ اِنَّآ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ ۟

**(અર્થ)** : "કેટલુ સારુ થાત જો તેઓ તેના પર રાજી થઈ જાત જે અલ્લાહ અને રસૂલે તેમને આપ્યું." *(સૂ. તૌબા, આયત–૫૯)* એટલે રસૂલ પણ આપી શકે છે, એમને આપવાનો અધિકાર છે એવું કુર્આન ફર્માવે છે.

**★ આયત : ૩ ★**

اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ ۟ **(અર્થ)** : "હે મહબૂબ ! અમે તમોને કૌષર આપ્યું." *(સૂ. કૌષર, આ. ૧)*

કૌષરનો મતલબ ક્યાં તો "હૌઝે કૌષર" અથવા ખૂબ જ ભલાઈ અથવા ખૂબ જ ઉમ્મત અથવા મકામે મહમૂદ અથવા શફાઅતે કુબરા અથવા વિજયો અથવા સર્વ મખ્લૂક પર મહાનતા....વગેરે. તો અલ્લાહ જેને આટલુ બધુ આપે તે કશી ચીજનો માલિક કે મુખ્તાર ન રહે ?! નહીં નહીં, જરૂર તે અધિકારવાળા જ છે. દેવબંદીનો અકીદો કે "કશોય અધિકાર રસૂલને નથી" તે કુર્આનની વિરૂધ્ધ છે.

**★ આયત : ૪ ★**

وَلَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ وَ رَسُوْلُهٗ **(અર્થ)** : "અને કાફિરો તે ચીજોને હરામ નથી માનતા જે અલ્લાહ અને તેના રસૂલે હરામ ફર્માવી." *(સૂ. તૌબા, પારા–૧૦, આયત–૨૯)* એટલે રસૂલે પાકને પણ હરામ ફર્માવવાનો અધિકાર છે. જુઓ કૂતરો, બિલાડી વગેરેનું હરામ હોવું આપણને કુર્આનમાં નથી મળતું તે હદીષોના ફર્માનથી જ મળે છે.

**★ આયત : ૫ ★**

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗۤ

اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ؕ

**(અર્થ)** : "ન કોઈ મુસલમાન પુરૂષ તથા સ્ત્રીને એ અધિકાર છે કે જ્યારે **અલ્લાહ અને તેના રસૂલ** કાંઈ ફર્માવે તો તેમને તેમની બાબતનો કાંઈ અધિકાર રહે." *(પા. ૨૨, સૂ. અહ્ઝાબ, આયત–૩૬)* આ આયતથી તો મુસલમાનોની **જાન, માલ** તથા **ઔલાદ**ના માલિક પણ ખુદાની અતાથી રસૂલ પુરવાર થાય છે. *(જુઓ વધુ માટે કિતાબ 'સલ્તનતે મુસ્તફા')*

**★ આયત : ૬ ★**

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ

(અર્થ) : હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલના બોલાવવા (તેડા) પર હાજર થઈ જાવ ! જ્યારે તમોને બોલાવે." *(પારા–૯, સૂ. અન્ફાલ, આયત–૨૪)*

આનાથી તો સ્પષ્ટ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અધિકાર સાબિત થાય છે. કુર્આન તો એલાન કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અધિકારવાળા છે અને વહાબી, દેવબંદી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને લાચાર બંદા દર્શાવે છે !

## ★ હુઝૂરના ઈખ્તિયાર સંબંધે હદીષો ★

**પ્યારા બાળકો !** હવે હદીષોમાં પણ જુઓ કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم કેટલા ઈખ્તિયારવાળા છે :–

**(૧)** મિશ્કાત શરીફમાં સૈયદુલ મુરસલીનના ફઝાઈલમાં છે કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી."

**(૨)** મિશ્કાત શરીફ અખ્લાકે નબીના પ્રકરણમાં છે કે "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે."

**(૩)** મિશ્કાત શરીફ કિતાબુલ ઈલ્મમાં છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "અલ્લાહ આપે છે અને હું વહેંચુ છું." ખુદા દરેક ચીજ આપે છે અને હુઝૂર દરેક ચીજ વહેંચે છે. અને દરેક ચીજ તે જ વહેંચશે જેને માલિકે દરેક ચીજ આપી હોય. આનાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માલિકી તથા કબજો સાબિત થયો.



**(૪)** મિશ્કાત શરીફ બાબુસ્સુજૂદે વ ફદ્લિહીમાં છે : એકવાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રબિઅહ્ ઈબ્ને અબી કઅબ અસ્લમીથી ખુશ થઈને ફર્માવ્યું, **સલ** કાંઈક માંગ ! તો તેમણે અર્ઝ કરી, "હું તમારી પાસે એ માંગું છું કે જન્નતમાં તમારી સાથે રહું !" ઈર્શાદ થયો, "વધુ કાંઈક માંગ !" અર્ઝ કરી, બસ !

શું આ સહાબીને તૌહીદનો ઈલ્મ ન હતો ? શું તેમણે શિર્ક કર્યું ? તેમણે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જન્નત જ માંગી લીધી ! અને હુઝૂરે પણ એ નથી કહ્યું કે "તમે શિર્ક કર્યું ! તૌબા કરો ! મારી પાસે શાનો ઈખ્તિયાર કે આપુ !" ના ! એવું નથી કહ્યું. તો શું શિર્કથી બચાવવા હુઝૂર આવ્યા ન હતા ? જરૂર આવ્યા હતા ! પણ સહાબીનું ઈમાન હતું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઈખ્તિયારવાળા છે. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી માંગણી કરવી એ શિર્ક ન હતું જેથી હુઝૂરે તેમને રોકયા નહીં. બલ્કે કહ્યું કે, હજી વધુ કાંઈ માંગો !

## (૫) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈખ્તિયાર વિશે હદીષોમાં આવેલ કેટલાક બનાવો :–

**(અ)** હઝરત જાબિર رضی اللہ عنہ ના ઘરે થોડા લોટ તથા ગોશતમાં હુઝૂરે થૂંક મુબારક નાખ્યું તો તેમાં એટલી બરકત થઈ કે સેંકડો માણસોએ ખાધું.

**(બ)** એક ગઝવહમાં એક પ્યાલા પાણીમાં હાથ મુબારક રાખી દીધો તો આંગળીઓથી પાણીનાં ઝરણાં વહેવા માંડયાં અને ૧૫૦૦ માણસોએ ધરાઈને પીધુ તથા વુઝૂ કર્યું.

**(ક)** હુદૈબિયહ્ના કૂવામાં પાણી ઓછુ હતું. હુઝૂરે તેમાં તીર નાખી દીધું જેનાથી એ કૂવાનુ પાણી વધી ગયું.

**(ડ)** એક વૃધ્ધ સ્ત્રીને બોલાવીને તેની મશકનું મોઢું સહાબાએ કિરામના માટે ખોલી દીધું તો એ પાણી બધાને આવી રહ્યું, બધાએ પોતાનાં વાસણો ભરી લીધાં અને ખૂબ પાણી પી લીધું. છતાં મશક તેવું ને તેવું ભરેલું જ રહ્યું.

આ રિવાયતોથી જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક ચીજના રબની અતાથી માલિક છે. એ બે કારણે કે એક તો પેલી વૃધ્ધ સ્ત્રીનું પાણી તેની રજા વિના

પીવડાવી દીધું. આ કામો રજા વગર કરી નથી શકાતાં, પણ નબી દરેક ચીજના દરેક વ્યકિતના માલિક છે, તેમને ઈખ્તિયાર છે અને આપણે તેમના ગુલામ છીએ. એ અક઼ીદો સહાબીઓનો હતો અને ખુદાના ફઝ઼્લથી આપણો પણ એ જ અક઼ીદો છે. પણ વહાબી દેવબંદીઓનો અક઼ીદો સહાબીઓથી જુદો છે કે રસૂલને ઈખ્તિયાર વિનાના માને છે અને જે રસૂલને ઈખ્તિયાર હોવાનું માને તેને કાફિર મુશ્રિક કહે છે ! તો આપણે વહાબીનું માનવું કે સહાબીનું ?!

**(૬)** મિશ્કાત શરીફમાં છે કે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, ''મેં ગ્રહણની નમાઝમાં જન્નતને જોઈ અને તેનો ઝુમખો પકડયો. જો મેં તે ઝુમખો તોડી લીધો હોત તો તમે તેને ક઼િયામત સુધી ખાતા રહેતા.''

**વિચારો** ! આથી વધારે શો ઈખ્તિયાર હોય ?! સાબિત થયું કે રબની અતાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જન્નતના પણ માલિક છે, તેની દરેક ચીજના પણ માલિક છે.

અરે કયાં સુધી વર્ણન કરવામાં આવે, હદીષોમાં છે જેને મહાન બુઝુર્ગો કિતાબોમાં વર્ણવે છે કે :–

- ✪ અબૂ જહલની મુટ્ઠીમાં કાંકરીઓએ કલમો પઢયો.
- ✪ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈશારાથી ઝાડો તેની જગાએથી ચાલ્યાં આવતાં અને હુકમ થતાં પાછાં પોતાના સ્થાને ગોઠવાઈ જતાં.
- ✪ ડૂબેલો સૂરજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પાછો ફેરવ્યો અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની અસરની નમાઝ બાકી હતી તે તેઓ પઢયા.
- ✪ ચાંદને ઈશારો કર્યો તો તેના બે ટૂકડા થઈ ગયા.
- ✪ દુઆ ફર્માવી તો વરસાદ થવા લાગ્યો ને ખૂબ વરસાદ થયો અને લોકોએ વિનંતિ કરી તો આકાશમાં ઈશારો કરતાં વાદળો વિખેરાઈ ગયાં.
- ✪ તોફાની ઘોડા પર આપે સવારી કરી તો હમેશાં માટે ખૂબ જ શાંત બની ગયો.
- ✪ દોહવા ન દેતી બકરીના આંચળે હાથનો સ્પર્શ કર્યો તો તે બકરીએ ખૂબ જ દૂધ કાઢયું અને સૌએ ધરાઈને પીધું, માલિકનાં બધા વાસણો પણ ભરાઈ ગયાં.



આ બધું ઈખ્તિયાર વિના થયું ? આ ઈખ્તિયાર નથી તો પછી ઈખ્તિયાર કઈ ચીજનું નામ છે ?! ઉપરાંત આ સંબંધે ઘણી હદીષો છે, વધુ માટે કિતાબ ''સલ્તનતે મુસ્તફા'' વાંચશો. એ જ પ્રમાણે **અલ્લાહના વલીઓ પણ રબની અતાથી ઈલ્મ તથા ઈખ્તિયારવાળા હોય છે.** જેની વિગતે ચર્ચા કિતાબ ''રહમતે ખુદા બ વસીલએ ઔલિયા''માં વાંચશો.

કુર્આન–હદીષથી પુરવાર થાય છે કે નબી, વલી ઈખ્તિયારવાળા છે લાચાર બંદા નથી ! જ્યારે વહાબી દેવબંદી તેમને લાચાર, આજિઝ બંદા, અધિકાર વિનાના માને છે જેથી તેમનો અક઼ીદો ગલત છે માટે તેમનાથી દૂર રહેશો.

## પ્રકરણ : ૧૦

## ★ વહાબી દેવબંદીનો વગર કામનો ગોટાળો ! ★

**ચેતવણી** : આ વહાબી દેવબંદીઓ જ્યારે આવી દલીલોથી લાજવાબ બની જાય છે ત્યારે કહે છે કે, ''અમે પણ નબી વલી માટે **ઈલ્મે ગયબ** માનીએ છીએ **ઈખ્તિયાર** પણ માનીએ છીએ પણ એ તો નબીને અલ્લાહ તરફથી મો'જિઝો આપવામાં આવે છે વલીને કશ્ફો કરામતથી નવાઝવામાં આવે છે, એટલે એ તો અલ્લાહ જ આપે છે, એમાં તેમની કોઈ ખૂબી નથી !''

જુઓ ! કેટલી ચાલાકીથી હજી પણ ખૂબી તથા તાકાતનો ઈન્કાર તેઓ કરે છે ! **અરે ! ભાઈ જાહિલથી જાહિલ પણ જાણે છે કે અસલ તાકાત આપનાર, ઈલ્મ આપનાર અલ્લાહ જ છે, તેણે જ પોતાના નબી વલીને ઈલ્મ તથા અધિકાર આપ્યા છે. કોઈ આપમેળે જ ઈલ્મ તથા ઈખ્તિયારવાળો તો થઈ શકતો જ નથી.**

કોઈ પણ વ્યકિતને કાંઈ પણ મળે દૌલત, રૂપ, શકિત, બુધ્ધિ, સત્તા અલ્લાહ આપે તો જ મળે છે ને ! અમે કયારે કહ્યું છે કે નબી, વલીનો ઈલ્મ તથા અધિકારો તેમના જાતી જ છે ! ખુદાના આપ્યા વગર છે ?! એને તો દરેક માણસ શિર્ક જ સમજે છે. પછી શા માટે ગોટાળા ઉભા કરો છો ?!

અલ્લાહના આપવાથી જ દરેક માનવી સત્તાધારી, લેન્ડલોર્ડ, હેન્ડસમ, ધનવાન વગેરે ખૂબીવાળો બને છે.

## સબક : ૧૧

## ★અલ્લાહ વિશે વહાબી દેવબંદીની માન્યતા ★

**સવાલ** : અલ્લાહને તો વહાબી દેવબંદીઓ સારો માનતા જ હશે ને ?!

**જવાબ** : અરે ! અલ્લાહ પાકને કેવો માને છે તે પણ જાણી લો ! **મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે; "અલ્લાહ જૂઠુ બોલી શકે છે."** *(યકરોઝી ફારસી, પેજ–૧૭,૧૮)*

તથા **મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી લખે છે;** "અગાઉના તમામ આલિમો આ હકીકત કે અલ્લાહ જૂઠુ બોલી શકે તેની ચર્ચામાં પડેલા હતા. .......તેમાં અગાઉથી જ વિવાદ રહેલો છે." (બરાહીને કાતિઅહ્) જો કે હકીકત એ છે કે ક્યાંય કોઈ આ બાબતે વિવાદ આગલા બુઝુર્ગોમાં હતો જ નહીં. પણ લોકોને શંકાઓના વમળમાં નાખવા જૂઠુ લખે છે. અરે ! જે અલ્લાહને માટે જ જૂઠુ બોલી શકે તેમ લખે તે પોતે કેટલો જૂઠો હોઈ શકે છે !

તથા **મોલ્વી મેહમૂદ હસન દેવબંદી લખે છે;** અલ્લાહને બધી ખરાબ વસ્તુઓ કરવાની સત્તા છે." (અલજહદુલ મિકલ, પેજ–૪૧) હવે વિચારો ખરાબ કામો કયાં કયાં છે ? ચોરી, દગાબાજી, ઝિના, બળાત્કાર, ગુંડાગીરી, ગાળી ગલોચ....વગેરે. આ છે દેવબંદી અકીદા !

**મોલ્વી ષનાઉલ્લાહ અમૃતસરી (અહલે હદીષ) લખે છે કે;** "અલ્લાહ તઆલા જૂઠુ બોલે તેવું કહેવું ઈમાનનો ભાગ છે." *(અહલે હદીષનું અખ્બાર, અમૃતસર, પેજ–૨, ૨૭–૮–૧૯૧૫)*

વિચારો ! આ વહાબીઓ રસૂલની તૌહીન કરતાં થાકતા નથી સાથે સાથે અલ્લાહને પણ જૂઠ સાથે જોડે છે. (મઆઝલ્લાહ !)

બેશરમી તો જુઓ કે કુર્આનની આયતથી દલીલ પણ આ દેવબંદીઓ કરે છે કે : اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیۡءٍ قَدِیۡرٌ "અલ્લાહ દરેક ચીજ કરવા પર



શકિતમાન છે." *(સૂરએ. બકરહ્, આ. ૨૦)* જેથી જૂઠ બોલવા પર પણ શકિતમાન છે. કુર્આનની આયતનો ગલત અર્થ કરીને આ વહાબીઓ કૌમને ગુમરાહ કરી રહ્યા છે.

પ્યારા બાળકો ! જૂઠ એક ઐબ છે અને ખુદા તમામ ઐબથી પાક છે **જે ઐબદાર હોય તે ખુદા નથી.** જે ખુદાને ઐબવાળો કહે તે **કાફિર** થઈ જશે, ઐબ ખુદા માટે શકય જ નથી. મુહાલ (અશકય) છે. માટે આવા ખુદા વ રસૂલના ગુસ્તાખોથી બચો ! એઓ રસૂલને તો નહીં પણ ખુદાને પણ ક્યાં માને છે !

પ્યારા બાળકો ! આ પરથી સાબિત થાય છે કે વહાબી દેવબંદી સૌ બાતિલ ફિર્કાવાળા કલમા, નમાઝની આડ હેઠળ ખુદા વ રસૂલના મહાન દુશ્મન છે. કેમ કે ખુદાની શાનમાં પણ તેઓ બેઅદબી કરી ચૂક્યા છે અને રસૂલે પાક ﷺની શાનમાં પણ બેઅદબી કરી ચૂકયા છે. માટે તેમનાથી હમેશાં દૂર રહેશો અને તમારા ઈમાનને બચાવશો. **તેમની પાછળ નમાઝ પણ પઢશો નહીં, તેમનાથી સગાઈ, સંબંધ, શાદી, વહેવાર, દોસ્તી, ઉઠક, બેઠક રાખશો નહીં, નહીં તો તમારું ઈમાન પણ તેઓ ખરાબ કરશે અને તમને પોતાની સાથે હમેશાંની જહન્નમમાં લઈ જશે.** શું આપણા માબાપ કે ભાઈને ગાળ આપનાર સાથે આપણે સંબંધ રાખીએ છીએ ? નથી રાખતા ! તો પછી અલ્લાહ અને રસૂલના વિશે બુરા શબ્દો, હલકા શબ્દો બોલનાર સાથે જો આપણે સંબંધ રાખીએ તો આપણો મહોબ્બતે રસૂલનો દાવો એ કેવો ? કે માબાપથી મહોબ્બત છે માટે માબાપને કોઈ કાંઈ બોલે તો તેનાથી સંબંધ કાપી નાખીએ, જ્યારે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બત તો માબાપ કરતાં વધારે હોવી જોઈએ, તો જ આપણે મુસલમાન રહીશું. જેથી જો તેમના વિશે કોઈ જરાય બેઅદબી કરે તો તેનાથી સંબંધ રાખીશું ? નહીં ! હરગિઝ નહીં !

## સબક : ૧૨

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદબ કુર્આનમાં ★

આવો ! પ્યારા બાળકો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કેવી અદબ તથા તા'ઝીમ કરવી જોઈએ એના નિયમો અલ્લાહ عزوجل બતાવે છે અને ખુદાની બારગાહમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો શું મર્તબો છે તેના માટે કેટલીક કુર્આની આયતો જુઓ :–

**(૧)** કેટલાક લોકો રિસાલતના જમાનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી પહેલાં કુર્બાની કરી લે છે અને કેટલાક લોકો રમઝાનથી અગાઉ (રમઝાનના) રોઝા રાખવાનું શરૂ કરી દે, છે તો રબ ફર્માવે છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ
وَ رَسُوْلِهٖ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱﴾

**(અર્થ)** : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળે જાણે છે."

*(સૂ. હુજુરાત, આ. ૧, પારા–૨૬)*

આ આયતે અદબ શીખવાડી કે મુસલમાન અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી **વાતમાં, ચાલવામાં, ઈબાદતમાં કોઈ પણ વાતમાં આગળ ન વધે** ત્યાં સુધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે જઈ રહ્યો છે તો આગળ આગળ ન ચાલે.

**(૨)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં વાત કઈ રીતે કરવી તે વિશે રબ તઆલા અદબ શીખવાડે છે કે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ
بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ ﴿۲﴾

**(અર્થ)** : "હે ઈમાનવાળાઓ ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના અવાજ પર તમારા અવાજો ઊંચા ન કરો અને તેમની સમક્ષ વાત બરાડા પાડીને ન કહો જેવી રીતે આપસમાં એકબીજાની સામે બરાડા પાડો છો. ક્યાંક તમારા અમલ



નષ્ટ ન થઈ જાય." *(સૂ. હુજુરાત, આ. ૨)*

સુબ્હાનલ્લાહ ! અલ્લાહ عزوجل ખૂદ ફર્માવે છે કે મારા મહબૂબની અદબ એ રીતે કરો કે તેમની સમક્ષ જોરથી પણ ન બોલો, નહીં તો તમારા અમલો નાશ પામશે ! મહાન આલિમો જણાવે છે કે અમલોને કુફ્ર જ નષ્ટ કરી શકે છે, એટલે કે આપની બારગાહમાં જોરથી બોલીને બેઅદબી કરવાથી કાફિર થઈ જવાય છે.

અને જે લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદબ ખાતર આપની બારગાહમાં ધીમે અવાજે બોલે છે તેમના માટે રબ ખુશખબરી આપે છે, જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'ઝીમ કરે છે તેમના માટે આ ખુશખબરી છે કે :

اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓىِٕكَ الَّذِيْنَ
امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰى ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّ اَجْرٌ عَظِيْمٌ ﴿۳﴾

**(અર્થ)** : "બેશક ! તે લોકો જેઓ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે પોતાના અવાજો ધીમા કરે છે. આ તે લોકો છે જેમનાં દિલ અલ્લાહે પરહેઝગારી માટે પારખી લીધાં. એમના માટે બખ્શિશ અને મોટો સવાબ છે." *(સૂ. હુજુરાત, આયત–૩)*

**(3)** સહાબાએ કિરામની પધ્ધતિ હતી કે જ્યારે કોઈ વાત સમજમાં ન આવતી તો અર્ઝ કરતા **"રાઈના યા રસૂલલ્લાહ !"** હે રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા પ્રતિ ધ્યાન કરો ! એટલે કે ફરી સમજાવો. **"રાઈના"** યહૂદી બોલીમાં બેઅદબીનો શબ્દ હતો તો તેઓએ એ શબ્દ બુરી નિય્યતે બોલવાનુ શરૂ કરી દીધું અને દિલમાં ખુશ થવા લાગ્યા. તો રબ તઆલા પોતાના મહબૂબની ગુસ્તાખી કયાંથી ચલાવી લે ! તરત આયતે કરીમા નાઝિલ થઈ :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَ قُوْلُوا
انْظُرْنَا وَ اسْمَعُوْا ؕ وَ لِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۰۴﴾

**(અર્થ)** : "હે ઈમાનવાળાઓ ! **રાઈના** ન કહેશો ! પણ **ઉન્ઝુરના** કહો, એટલે કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા પર નઝરે કરમ ફર્માવો ! અને કાફિરો માટે દર્દનાક અઝાબ છે." *(સૂ. બકરહ, આ. ૧૦૪)*

**નોંધ** : દેવબંદીઓ આવી આયતો કેમ કિતાબોમાં લખીને તેની તફસીર દર્શાવતા નથી ?! એટલા માટે કે તેમના ધર્મનો પાયો હચમચી ઉઠે ! કેમ કે તેમના ધર્મનો પાયો તો નબીની બેઅદબી પર રચાયો છે ! અને આ આયતો તો નબીની અદબને જ મહાન દર્શાવે છે.

**સારાંશ** કે આ એવી બારગાહ છે જ્યાં એવો શબ્દ પણ બોલવાની રબ તઆલા છૂટ નથી આપતો જેનાથી દુશ્મનને કોઈ ગલત બોલી બોલવાનો મોકો મળે. તો વહાબી, દેવબંદીઓ ડાયરેક્ટ હલકા વાક્યો બોલે, લખે છે તો તેઓ કેટલા મહાન ગુસ્તાખ ઠરશે ?

**પ્યારા બાળકો !** હવે તમે સમજી ગયાં હશો કે વહાબી દેવબંદી કુર્આન તથા હદીષ વિરૂધ્ધ માન્યતાઓ રાખી કેવી કેવી બેઅદબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કરી ચૂક્યા છે ! માટે તમે કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના ક઼ૌલ પ્રમાણે રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાચા પાકા ચાહવાવાળા તથા નબીના ગુસ્તાખોથી નફરત કરવાવાળા બની જશો તો બંને દુનિયામાં કામયાબ થશો.

## સબક : ૧૩

## ★ વહાબિયત દેવબંદિયત કોની સાઝિશ છે ? ★

વહાલાં બાળકો ! તમે વિચારશો કે જ્યારે કુર્આન–હદીષમાં આટલા આટલા તા'ઝીમે નબી વિશે હુકમો છે તો પછી આ મોલ્વીઓ થઈને કઈ રીતે ગુમરાહ થઈ ગયા ? તો ટૂંકમાં સમજી લો કે :–

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દુનિયામાં આગમન બાદથી હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન ગની, હઝરત અલી رضی اللہ عنہم ના દૌરથી ઈસ્લામ ફેલાતો ચાલ્યો તો એ દરમ્યાન ઈસ્લામના દુશ્મનો ઈસાઈ, યહૂદીઓએ મુસલમાનોને જંગમાં હરાવવા ખૂબ પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. તો તેમણે મિટિંગો કરી ચર્ચા–વિચારણાઓ કરી કે આખરે એવી કઈ ચીજ મુસલમાનોમાં છે કે જેના લીધે તેઓ જંગમાં મેદાન મારી જાય છે ? તો તેમણે તારવી કાઢયું કે આ કૌમ પોતાના નબીની દીવાની છે ! નબીના દીનને ખાતર જાન દેવા માટે સર્વ આંત્રિક, અંગત, આર્થિક, રાજકીય મતભેદો ભૂલીને નબીની મહોબ્બતના નામ પર તુરત જ એક થઈ જાય છે. જેથી



તેમણે અરબસ્તાન તથા અન્ય મુસ્લિમ દેશો ઉપરાંત હિંદમાં પણ જાસૂસો મોકલ્યા જેઓ મુસલમાન જેમ રહ્યા, મોલ્વીની તાલીમ લીધી અને ઈસ્લામનો અભ્યાસ કર્યો. અને તેમાં ખાસ કરીને અરબસ્તાનમાં **હમ્ફ્રે** નામના અંગ્રેજ જાસૂસની કોશિશોથી મુહમ્મદ અબ્દુલ વહાબ નજદી અસ્તિત્વમાં આવ્યો. વિવિધ દુનિયવી લાલચોથી તેને આકર્ષીને **વહાબિયત**ને અસ્તિત્વમાં લાવવામાં આવી જેને આવવાથી આખા વિ  માં ઈસ્લામી દુનિયામાં ઝલઝલા થયા અને મુસ્લિમ ક઼ૌમ આજ સુધી તેના ગંદા અક઼ીદાઓના વિવાદ હેઠળ પીસાઈ રહી છે. સુન્ની તુર્કી હુકૂમત જેને **''હુકૂમતે ઉષ્માનિયહ્''** કહે છે તેનો ખૂબ પ્રભાવ હતો, આખા અરબસ્તાન પર હતી અને તે ખૂબ જ મજબૂત હતી અને મુસલમાનોની એ હુકૂમતને અંગ્રેજો હરાવી ન શક્યા તો આ પોલીસી અપનાવી અને નજદીઓને હાથમાં લઈ તેમને નાણા, લશ્કર વગેરેનો સહકાર કરીને આપસમાં લડાવી વહાબીઓ નજદીઓએ અંગ્રેજોના જોરે અરબસ્તાન તથા મક્કા મદીનાના પવિત્ર શહેરો પર ક઼બજો કર્યો અને વહાબીઓએ અસંખ્ય સુન્ની મુસલમાનોને મુશ્રિક કહીને ક઼ત્લ કરી નાખ્યા અને લૂંટ મચાવી અને હાલના સઊદી રાજાઓ એ જ છે જે અંગ્રેજોના સહારે જબરદસ્તી અરબના ધણી આ ઐયાશ લોકો નજદી વહાબી સઊદી બની બેઠા છે અને રિયાલના જોરે વિ  ભરમાં વહાબિયત ફેલાવવા મથી રહ્યા છે.

એ ઉપરાંત હિંદમાં પણ અંગ્રેજ જાસૂસોએ મોલ્વીઓને ખરીદીને નવા નવા અક઼ીદા ફેલાવ્યા તેની વિગત ૧૦૦ (સો) વરસ પૂરાણી કિતાબ **''તોહફાએ મુહમ્મદિયહ્''**માં છે જેની વિગત **''રહનુમાએ હક્ક઼''**માં વાંચી શકશો.

હિંદુસ્તાનમાં ક્રમે ક્રમે એ જ અંગ્રેજ એજન્ટ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ મુહમ્મદ અબ્દુલ વહાબ નજદીની **''કિતાબુત્તૌહીદ''** કે જે નબી વલીની ગુસ્તાખીથી ભરપુર છે તેની ઉર્દૂ આવૃત્તિ બહાર પાડી જે કુખ્યાત કિતાબ **''તક઼વિયતુલ ઈમાન''** તરીકે ઓળખાય છે જેના ગંદા અક઼ીદા તમે કિતાબમાં જોઈ લીધા છે.

ખૂદ દેવબંદી મોલ્વીઓએ જ મોલ્વી અશરફ અલી થાનવી, ક઼ાસિમ

નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી સૌના વિશે તેમની કિતાબોના હવાલાથી પુરવાર કર્યું છે કે તેમને અંગ્રેજો તરફથી માસિક હપ્તા મળતા હતા, કયાં તો કોઈને હોદ્દા તથા મોટા મોટા ખિતાબ (લક઼બો) મળતા હતા. જ્યારે અંગ્રેજોના વિરૂધ્ધ જેહાદનો ફત્વો આપનાર સુન્ની આલિમ હઝરત મૌલાના ફઝ્લે હક્ક઼ ખૈરાબાદીને આંદામાન લઈ જઈ ફાંસીની સજા આપી. એની વિગત માટે "રહનુમાએ હક્ક઼" વાંચશો.

આમ દુનિયાની લાલચમાં તેઓ આખેરતને ભૂલી બેઠા અને કુર્આન હદીષ વિરૂધ્ધ અક઼ીદા ઘડીને ક઼ૌમને વિભાગોમાં વહેંચી કાઢી.

## ★ સાવધાન ! ખબરદાર ! ★

પક્ષીનો શિકાર કરવા માટે જેવી રીતે શિકારી દાણા વેરીને જાળ ફેલાવીને પછી પક્ષીઓ જેવી બોલી બોલે છે જેથી તેના અવાજથી આકર્ષાયને પક્ષીઓ તેના તરફ ચાલ્યાં આવે અને ત્યાં દાણા ચરવા લાગે જેથી જાળમાં ફસાઈને છેવટે જાન ગુમાવે ! તેમ આ બાતિલ ફિર્કાવાળા વહાબી દેવબંદીઓ લોકોને છેતરવા પોતાને **અહલે સુન્નત વલ જમાઅત** તથા **સવાદે આ'ઝમ** કહીને સંબોધે છે, તથા હન્ફી તરીકે ઓળખાવે છે જેમ કે **કંથારીયા**ના દારુલ ઉલૂમમાંથી નીકળતા માસિક પર લખે છે, વળી ક્યાંક વલીઓની કરામતો લોકોને છેતરવા માટે લખે છે, ક્યાંક સલામ પણ છાપી મારે છે !! પણ આ બધું શિકારી જેમ શિકારને આકર્ષવા માટે થાય છે.

## ★ સાચા "સુન્ની" કોણ ? ★

અસલ **સુન્ની** તથા **અહલે સુન્નત વ જમાઅતવાળા** તે જ છે જેમના અક઼ીદા **તા'ઝીમે નબી** બાબતે જે કુર્આનમાં દર્શાવ્યા છે તથા હદીષોમાં વર્ણવ્યા છે જેને તમે આ કિતાબમાં જોયા છે તથા તા'ઝીમે નબી વિશે બુઝુર્ગોના કથનો તમે વાંચ્યાં તથા નબીની બેઅદબી કરનાર કાફિર છે તે હુકમો વાંચ્યા, તેને માનનાર તેના પર ચાલનાર જ **સુન્ની** તથા **અહલે સુન્નત** છે. જ્યારે તમે જોયું કે દેવબંદીઓના મોલ્વીઓએ જેમને **કંથારીયાવાળા** તથા અન્ય દેવબંદીઓ પોતાના પેશવા ગણે છે તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં કેટલાં સખત બેઅદબી કરતાં લખાણો લખ્યાં છે ! માટે એ વાત



ધ્યાનમાં રાખશો કે તેમની આ પોતાને **સુન્ની** તથા **અહલે સુન્નત વ જમાઅત** ઓળખાવવાની ચાલથી સાવચેત રહેશો. જે તા'ઝીમવાળો હશે અને દેવબંદી તથા અન્ય વહાબી, નબીના ગુસ્તાખ મોલ્વીઓને કાફિર જાણતો હશે તેને જ **"સુન્ની"** સમજશો, બાકીના સૌને ધોકાબાઝ સમજશો.

**સબક : ૧૪**

# કેટલાક જરૂરી ખુલાસા

## ★ બિદઅત શું છે ? ★

વહાબી, દેવબંદીઓ વાત વાતમાં આ શબ્દ **બિદઅત ! બિદઅત!** બોલતા રહે છે. પણ એનો અર્થ તથા ભાવાર્થ તેમને ખબર જ નથી ! જો બિદઅતની સાચી વ્યાખ્યા તથા સમજ તેમને માલૂમ થઈ જાય અને તેઓ હક્ક઼ને સ્વીકારી લે તો સુન્નીઓને **બિદઅતી** કહી સંબોધશે નહીં. કેમ કે સૌથી મોટા બિદઅતી તો તેમને પોતાને જ ખૂદ પામશે !

બિઅદતના બે પ્રકાર છે : (૧) એતેક઼ાદી બિદઅત (૨) અમલી બિદઅત. **એતેક઼ાદી બિદઅત એટલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી ઈસ્લામમાં જે નવા નવા અક઼ીદા નીકળ્યા તે.** જેમ કે :–

"અલ્લાહ જૂઠુ બોલી શકે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પીઠ પાછળની ખબર નથી, નમાઝમાં રસૂલનો ખયાલ બળદ, ગધેડાના ખયાલ કરતાં અનંતગણો બુરો છે. (ઈસ્માઈલ દહેલ્વી) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી પણ કોઈ નબી થઈ શકે છે. (કાસિમ નાનોત્વી)....વગેરે." **સહાબા, તાબઈનના સમયોમાં આવા અક઼ીદા કોઈના ન હતા પણ વહાબી દેવબંદીએ જ નવા કાઢ ચા છે !** તો તેઓ પોતે જ **"મહાન બિદઅતી"** છે !

**બિદઅતે અમલી** એટલે **દરેક તે નવુ કામ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાના પછી નીકળ્યું.** જેમ કે : મદ્રસા ચલાવવા રસીદ બુકો છપાવી ચંદો કરવો, પાકા મોટા મોટા મદ્રસા, દારુલ ઉલૂમ બાંધવા, દસ્તારબંદીના જલસા કરવા, લાઉડ સ્પીકરો પર અઝાનો, તક઼રીરો કરવી, તંદુરીઓ સાથે

પેપ્સી, થમ્સ અપ પીવી, પ્રેસોમાં કોમ્પ્યુટરો પર કુર્આન–કિતાબો છાપવી....વગેરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં કયાં હતું ?! આ સૌ કામો દેવબંદીઓ કરે છે તો એ પણ બિદઅતી જ તો છે. પોતે જ કહે છે કે **"દરેક બિદઅત ગુમરાહી છે"** તો જાતે જ **બિદઅતી** તથા **ગુમરાહ** નથી ?! તેમને પૂછો અને જવાબ માંગો !

અસલમાં બિદઅતના બે પ્રકાર છે : **(૧)** સારી બિદઅત **(૨)** બુરી બિદઅત. **બુરી બિદઅત (બિદઅતે સૈયેઅહ)** : તે છે જે સુન્નતની વિરૂધ્ધ હોય. એનો મલતબ એ ચીજ જે દીનની વિરૂધ્ધ અથવા દીનને બદલનારી હોય.

**સારી બિદઅત (બિદઅતે હસનહ)** : એટલે તે નવુ કામ જે કોઈ સુન્નતની વિરૂધ્ધ ન હોય. જેમ કે મેહફિલે મીલાદ, દીની મદ્રસા, ઉમદા ભોજનો, પ્રેસમાં કુર્આન વગેરેની છપાઈ, અઝાન–તકરીરમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ. જેમ કે તરાવીહ જમાઅત સાથે હઝરત ઉમર رضی اللہ عنہ ના દૌરમાં શરૂ થઈ અને આપે તેને સારી બિદઅત જણાવી. સમજદાર માટે આટલો ખુલાસો પૂરતો છે વધુ માટે **જા અલ હક્ક** કિતાબ વાંચશો.

## ★ શિર્ક શું છે ? ★

**"શિર્ક"** એટલે અલ્લાહ عزوجل ની જાતમાં તથા સિફતો (ખૂબીઓ, ગુણો) માં કોઈને શરીક બનાવવો. જાતમાં ભાગીદાર (શરીક) કરવો એટલે કે અન્ય કોઈને ઈબાદતને લાયક પૂજ્ય સમજવો. કોઈ સુન્ની અલ્લાહની સિફતોમાં કોઈને ભાગીદાર કરતો નથી, ન કોઈને જાતમાં શરીક કરે છે એટલે પૂજ્ય ગણે છે. પૂજવાને લાયક ઈબાદતને લાયક એક અલ્લાહને જ ગણે છે. છતાં વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળાઓ સુન્નીઓને **મુશ્રિક** કહે છે ! વાત વાતમાં તેઓ **શિર્ક ! શિર્ક !** કરે છે.

તમે તમારા માબાપની તા'ઝીમ કરો, તેમના માનમાં ઉભા થઈ જાવ તો એને તા'ઝીમ કહેવાશે, તમારી ચહીતી વ્યકિતને ચુંબન કરો, બાળકોને ચૂમી લો તો એ **મહોબ્બત** તથા **તા'ઝીમ** છે એ **શિર્ક** નથી. પછી કોઈને જીવંત, શકિતવાળો, અધિકારવાળો માનો તે એ રીતે કે જીવન, શકિત, સત્તા અલ્લાહના આપવાથી તેને મળી છે, તો એ શિર્ક નથી, અલ્લાહ પણ જીવંત છે, શકિતવાળો, સત્તાવાળો છે પણ તેની આ ખૂબી (સિફત) તેની જાતી છે, **કોઈની આપેલી**



**નથી** તથા **અમાપ હમેશાંથી હમેશાં માટેની** છે. જ્યારે માણસમાં એ ખૂબીઓ **ખુદાની આપેલી** અને **મર્યાદિત સમય પૂરતી** છે. આમાં શિર્ક થતુ નથી.

બસ એ જ પ્રમાણે નબી વલીના ઈખ્તિયારોને સમજી લો કે અલ્લાહના આપેલા છે, મર્યાદિત સમય પૂરતા છે, તો શિર્ક ક્યાંથી થશે ? છતાં વહાબી દેવબંદી અન્ય લોકો જેમ કે માબાપ, ફોજદાર, ઓફીસર...વગેરેની તા'ઝીમમાં ઉભા થવાને શિર્ક નથી કહેતા, પોતાના બીબી બચ્ચાંને ચૂમવાને શિર્ક નથી કહેતા પણ નબી–વલીના માનમાં ઉભા રહેવાને, તબર્રુક તથા ગિલાફ ચૂમવાને શિર્ક કહે છે !! દેવબંદીઓ પોતાની વાત મનાવવા કુર્આની આયતોના બુઝુર્ગોથી અલિપ્ત મનઘડત ગલત તર્જુમા બયાન કરે છે તેમજ દેવબંદી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન દર્શાવતી હદીષોથી લાજવાબ બને છે ત્યારે કહે છે કે **"એ તો ઝઈફ હદીષ છે !"** આમ છેતરપીંડી પણ કરે છે.

આવું શાથી કરે છે ? તો સમજી લો કે તેમને નબી વલીથી જ દુશ્મની છે માટે જ એવું કરે છે જેથી તેમનાથી દૂર રહેશો.

## ★ દેવબંદી ધર્મનો કોઈ પાયો છે ખરો ?! ★

શાંતિથી વાંચશો અને વિચારશો કે દેવબંદીઓ નબી વલીથી મદદ માંગવાને, તેમને ઈલ્મે ગૈબ છે તેવું માનવાને, તેમને ઈખ્તિયાર છે એવું માનવાને **શિર્ક** કહે છે તથા માનનારને **કાફિર** તથા **મુશ્રિક** કહે છે. પણ **તેમના પોતાના પેશ્વાઓ માટે આ વાતોને માનવાથી શિર્ક થતુ નથી !** એવી તેમની માન્યતા છે ! હું કાંઈ મઝાક નથી કરતો પણ તેમના પેશવાઓની તારીફમાં લખેલી કિતાબો **અરવાહે ષલાષા, બલગતુલ હયરાન, શૈખુલ ઈસ્લામ નંબર** વગેરેમાં જે વાતો નબી વલી માટે આપણે માનીએ તો મુશ્રિક થઈ જઈએ એવું તેઓ કહે છે તે બધું જ શિર્ક અહીં તેઓ ગળી ગયા છે ! **પોતાના પેશવાઓ માટે ઈલ્મે ગયબ પણ માન્યો છે, ઈખ્તિયાર પણ માન્યો છે, મદદો પણ મેળવી છે ! છતાં તેઓ મુશ્રિક નથી થયા !** છે કોઈ પાયો આ દેવબંદી ધરમનો ?!

કિતાબ લંબાતી જાય છે છતાં જરૂર પૂરતો હું ફક્ત એક જ પ્રસંગ ટૂંકમાં લખી દઉં છું. તેના પરથી તમે જાતે જ ફેંસલો કરી શકશો કે **દેવબંદિયતને**

**અને ઈસ્લામને કોઈ જ સંબંધ નથી બલ્કે દેવબંદિયત એ પાયા વિનાનો અધર્મ છે !** વાંચો :–

## ★ મૃત્યુ પછી ક઼બરમાંથી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીનું સદેહે દેવબંદ મદ્રસામાં આગમન !! ★

કારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ જણાવે છે કે જે સમયમાં મોલ્વી રફીઉદ્દીન સાહબ દા.ઉ. દેવબંદના મોહતમીમ હતા ત્યારે દા.ઉ. ના અમુક મુદર્રિસો વચ્ચે આપસમાં ખેંચતાણ થઈ ગઈ. આગળ જતાં તે હંગામામાં મૌલાના મહમૂદુલ હસન જોડાયા ને ઝઘડો લંબાયો તો એક દિવસ વહેલી સવારે મોલ્વી રફીઉદ્દીને મૌલાના મહમૂદુલ હસનને પોતાના કમરામાં જે દા.ઉ. દેવબંદમાં છે ત્યાં બોલાવ્યા. અને કહ્યું કે પ્રથમ મારાં સુતરાઉ કપડાં જુઓ ! ઠંડીની સીઝન હતી છતાં પરસેવાથી ભીનાં હતાં ! કહ્યું, વાત એમ છે કે હમણાં ક઼ાસિમ નાનોત્વી જાહેરી શરીર સાથે મારી પાસે આવ્યા હતા જેથી મને પસીનો છૂટી ગયો ! અને મને કહીને ગયા છે કે મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે ! તો મૌલાના મહમૂદ હસને કહ્યું કે હું તૌબા કરું છું ! હવે પછી આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં !" *(દેવબંદીની કિતાબ અરવાહે ષલાષા)*

**વિચારો !** મર્યા પછી દેવબંદી ક઼ાસિમ નાનોત્વીને ક઼બરમાં ઝઘડાની ખબર થઈ ગઈ, તે ક઼બરમાંથી નીકળીને દા.ઉ.માં આવ્યા, મૌલાના રફીઉદ્દીનને સૂચના આપી જે ઉપર લખી છે.

આ જ વાત નબી વલી માટે તમે કહો તો તમે મુશ્રિક થઈ જાવ ! પણ ક઼ાસિમ નાનોત્વી માટે ઈલ્મે ગયબ અને તસર્રુફ તથા નફો પહોંચાડવાની વાત પોતે જ તેમના ટોચના મોલ્વીઓ લખે છે છતાં પાકા મુસલમાન તો તેઓ પોતે જ છે ! તો **શું ક઼ાસિમ નાનોત્વીને તેઓ ખુદા માને છે ?** કેમ કે **ખુદા સિવાય ગયબનો ઈલ્મ, ઈખ્તિયાર કોઈના માટે સાબિત કરવું તો તેઓ શિર્ક લખી ગયા છે** અને **અલ્લાહના આપવાથી પણ** આ બધું માને તેને પણ **મુશ્રિક** કહે છે ?! જેમ કે તક઼વિયતુલ ઈમાનમાં છે.

કિતાબ લાંબી ન થાય એટલે અહીં જ અટકુ છું, નહીં તો આ સિવાય પણ અસંખ્ય આવા બનાવો મુસીબતમાં મદદ વિશે, માંના પેટમાં શું છે ?



ઔલાદ થવા વિશે, મૌત વિશે, વરસાદ થવા વિશે આગાહીઓ કરતા તથા તેમના ઈખ્તિયારથી બધું જ થવા વિશેના બનાવો જેને તેઓ નબી વલી માટે માનવાને શિર્ક કહે છે તે જ તેમણે આ જ રીતે પોતાના પેશવાઓની તારીફમાં લખ્યા છે, જેના માટે તેમની જ કિતાબો **અરવાહે ષલાષા, બલગતુલ હયરાન, શૈખુલ ઈસ્લામ નબંર**....વગેરેની વાતોનો સંગ્રહ જોવા **અલ્લામા અર્શદુલ કાદરી** સાહબની કિતાબ **"ઝલ્ઝલા"** મંગાવો (દયાદરામાં મળશે) અને તેમની ડબલ પોલીસી જુઓ અને સમજી લો કે **દેવબંદિયત એક પાયા વિનાનો અધર્મ છે !**

## સબક : ૧૫

# અન્ય બાતિલ ફિર્કા઼ઓ

**સવાલ** : શું વહાબી દેવબંદી સિવાય અન્ય પણ ફિર્કા઼ છે ?

**જવાબ** : હા ! એમના સિવાય **"કહેવાતી જમાઅતે ઈસ્લામી"** એટલે **"મૌદૂદી જમાઅત"** તેમજ **"ગૈર મુકલ્લિદ"** એટલે **"કહેવાતા અહલે હદીષ"** ઉપરાંત **"એહલે કુર્આન", નેચરી, ક઼ાદયાની** વગેરે ફિર્કા઼ પણ અસ્તિત્વમાં છે. આ સૌ અંગ્રેજોની તથા અમેરિકાની પેદાશ છે. ત્યાંથી જ એટલે ઈસાઈ–યહૂદીઓના તરફથી જ પોષણ મળે છે. **આ સૌ ફિર્કા઼ઓના મૂળભૂત અકીદા તે જ છે જે વહાબીઓના તથા દેવબંદીઓના છે.** પણ તેઓ બદ્અકી઼દગીમાં ઓર આગળ વધીને આગવી છાપ ઉભી કરી ચૂક્યા છે. ટૂંકમાં દરેકની માહિતી સમજી લો :–

## ★ ગૈર મુક઼લ્લિદ યાને કેહવાતા અહલે હદીષ ★

મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી એ દેવબંદીઓનો પણ અને ગૈર મુક઼લ્લિદોનો પણ બંનેનો પેશ્વા છે. એની કિતાબ **"તક઼વિયતુલ ઈમાન"**માં શું લખ્યું છે તે તમે આગળના પૃષ્ઠોમાં ફરી જોઈ જાવ. શરૂમાં ઈસ્માઈલ દહેલ્વીએ "ગૈર મુક઼લ્લિદિયત"નો પ્રચાર કરવા પ્રયત્નો કર્યા પણ તેણે જોયું કે અહીં હિંદમાં એ ચાલે તેમ નથી જણાતુ, જેથી નામ માત્રનો હનફી બની તક઼લીદનો

ઢોંગ રચ્યો. અને વહાબિયત ફેલાવી.

વહાબીનો પેશ્વા ઈબ્ને કૈયિમ પણ કહે છે કે, "કબર પરના મઝારને તોડી પાડવાં વાજિબ છે." *(ફતિહુલ મજીદ શરહે કિતાબુત્તૌહીદ, પેજ–૨૦૦)*

એ ઉપરાંત ગૈર મુકલ્લિદ વહાબીના મુજદ્દિદ નવાબ સિદીક હસન ભોપાલી લખે છે કે, "પાક પયગંબરની કબરની પાસે તમારે દુઆ કરવી બિદઅત છે." (નહેજલ મકબૂલ–ફારસી તર્જુમો, પેજ નં.૪૩)

તે જ ભોપાલી લખે છે : "જે કાંઈ કબરના રૂપમાં છે અને તે શરીઅત વિરૂધ્ધ છે તેની મનાઈ કરવામાં આવી છે. તેને તોડીને જમીન બરાબર કરી નાખી કાંઈ પણ છૂટ છાટ આપ્યા વિના બધા મુસલમાનો માટે વાજિબ છે. પછી તે પયગંબરની કબર હોય કે કોઈ અન્ય માણસની કબર હોય." *(ઉર્ફુલજાદી, પેજ–૬૦)*

અહલે હદીષની માન્યતા છે કે કુર્આનને ગંદકીમાં ફેંકવું અને જરૂર પડયે પગો નીચે કે ઢગડાં નીચે રાખવું જાઈઝ છે, દસ સ્ત્રીઓનો એક પુરૂષ સાથે એક જ સાથે નિકાહ જાઈઝ છે, સુવ્વર તથા કૂતરાનું એથુ પાક છે.

મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરી અહલે હદીષ લખે છે કે, "અલ્લાહ તઆલા જૂઠુ બોલે તેવું કહેવું ઈમાનનો ભાગ છે." (અખબાર અહલે હદીષ, પેજ–૨, ૨૭–૮–૧૯૧૫)

✪ ગૈર મુકલ્લિદોની દ્રષ્ટિએ રામચંદ્ર, લક્ષ્મણ તથા કૃષ્ણ 'નબી' છે જેને હિંદુઓ ભગવાન કહે છે. (હદયતુલ મહદી, પેજ–૫૮)

✪ તેમને ત્યાં કાફિરનુ ઝબહ કરેલ જાનવર હલાલ છે. (ઉર્ફુલજાદી, પેજ–૨૪૭)

✪ પુરૂષ એક સમયે ગમે તેટલી પત્નીઓ સાથે ચાહે નિકાહ કરી શકે છે.
–(ઝફરુલ લાઝી, પેજ–૧૪૧, ઉર્ફુલજાદી, પેજ–૧૧૫)

✪ ગૈર મુકલ્લિદને ત્યાં નાપાક માણસે ગુસ્લ વિના કુર્આન શરીફને સ્પર્શવું, ઉઠાવવું, મૂકવું અને હાથ લગાડવો જાઈઝ છે.
–(દલીલુત્તાલિબ, પેજ–૨૫૨, ઉર્ફુલજાદી, અલ બન્યાનુલ્ મરસૂસ)

✪ તેમને ત્યાં ચાંદી સોનાના ઘરેણામાં ઝકાત વાજિબ નથી. (બદુરિલ અહ્લહ)



✪ તેમને ત્યાં શરાબ નાપાક તથા નજીસ નથી બલ્કે પાક છે.
(દલાલુત્તાલિબ, પેજ–૪૦૪, ઉર્ફુલજાદી, પેજ–૨૪૫)

✪ તેમને ત્યાં વિર્ય પાક છે. (બદુરિલ અહ્લહ તથા અન્ય કિતાબો)

✪ તેમને ત્યાં જવાન મર્દો તથા છોકરાઓએ ચાંદીનાં ઘરેણાં પહેરવાં જાઈઝ છે. (દલીલુત્તાલિબ, પેજ–૪૩૪)

✪ તેમને ત્યાં તમામ જાનવરોનો પેશાબ પાક છે. (બદુરિલ અહ્લહ, પેજ–૧૪)

✪ તેમનો પેશવા શૈખ ઈબ્ને તૈમિયહ્ કહે છે કે હઝરત અલીએ ત્રણસોથી વધુ મસ્અલાઓમાં ગલતી કરી છે. (ફતાવાએ હદીષિયહ્, પેજ–૮૭) જયારે કે હદીષે પાકમાં તો છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "હું ઈલ્મનો શહેર છું અને અલી તેનો દરવાજો છે." તેમના વિશે આવો ગંદો અકીદો કહેવાતા **અહલે હદીષ**નો છે. (મઆઝલ્લાહ)

✪ તેમનો અકીદો છે કે ખુદા જૂઠુ બોલી શકે છે. (સિયાનતુલ ઈમાન, પેજ–૫)

✪ તેઓ અંબિયા علیہم السلام થી દીની અહકામમાં ભૂલ ચૂક થવાનુ માનવાવાળા છે. (રદ્દે તકલીદ બિ કિતાબિલ મજીદ, પેજ–૧૨)

કયામમાં છાતી પર હાથ બાંધવા, રફએ યદૈન, ઈમામ પાછળ કિર્અત, આઠ રકાત તરાવીહ, એક રકાત જ વિત્ર પઢવી વગેરે ઉપરાંત આ લોકો ઈમામોની "તકલીદ"ને **શિર્ક** કહે છે તથા અન્ય પણ ખૂબ જ મતભેદ મુસલમાનો સાથે તેમણે કરેલા છે. અલ્લાહ આવા ગંદા મઝહબ કહેવાતા અહલે હદીષથી બચાવે. (આમીન) તેમના વિશે વધુ માહિતી માટે "જાઅલ હક્ક" વાંચો.

## ★ કહેવાતી જમાઅતે ઈસ્લામી યાને મૌદૂદી જમાઅત ★

આ પણ વહાબીનો ફાંટો છે, તેઓ પણ અહલે હદીષ જેમ તકલીદમાં તો નથી જ માનતા સાથો સાથ તેના બાની મૌલાના અબુલ આ'લા મૌદૂદીએ અક્કલના ઘોડા પર બેસીને કુર્આનથી લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم, તમામ અંબિયા, ખલીફાઓ, મહાન સહાબા, મુજદ્દિદો તેમજ વલીઓ સૌની ટીકા

ટીપ્પણી કરેલી છે, ઝાટકણી કાઢેલી છે. (મઆઝલ્લાહ !)

## ★ નબુવ્વતના મક઼ામની બેઅદબી ★

મૌદૂદી લખે છે : "દરેક શખ્સ ખુદાનો બંદો છે મો'મિન પણ અને કાફિર પણ, એટલે સુધી કે **જેવી રીતે એક નબી એવી રીતે શયતાન રજીમ પણ.**" *(તર્જુમાને કુર્આન)*

## ★ સૈયદુલ અંબિયાની હુઝૂરીમાં ગુસ્તાખીની હિંમત ! ★

⍟ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદાએ પોતાના એલચી મુકર્રર કર્યા. *–(ખુત્બાત, પેજ–૨૮)*

⍟ અરબના રણનો આ અભણ જંગલવાસી અર્વાચીન યુગનો બાની અને તમામ દુનિયાનો લીડર છે. *(તફહીમાત, પેજ–૨૧૦)*

કુર્આનમાં દરેક ચીજનું વર્ણન છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રહમાને કુર્આન શીખવાડયું. એટલે રબ તઆલા જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઉસ્તાદ છે, છતાં મૌદૂદી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે "અભણ" શબ્દ વાપરે છે !

⍟ નબુવ્વતના સ્થાને બિરાજમાન થતાં ૪૦ વરસો પહેલાં આપ તદ્દન બેખબર હતા કે આપ નબી બનનાર છો." *(તર્જુમાને કુર્આન, ઓક્ટો. ૧૯૭૩)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષ છે કે "હું ત્યારે પણ નબી હતો જ્યારે આદમ પાણી તથા માટીના દરમ્યાન હતા." તેની વિરુધ્ધમાં મૌદૂદીનું આ કથન બાતિલ છે.

⍟ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં માબાપના બારામાં કોઈ એવી સ્પષ્ટતા નથી મળતી કે તેમને સાચા અર્થમાં મો'મિન મુસલમાન માની લેવામાં આવે. *(તર્જુમાને કુર્આન)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માબાપના ઈમાનવાળા હોવાની બાબત કુર્આન–હદીષ તથા ઉમ્મતના **ઈજમાઅ**થી સાબિત છે. છતાં આ ગુસ્તાખ આવી તૌહીનવાળી વાત લખે છે.



⍟ આ કાણિયો દજ્જાલ વગેરે તો વાર્તાઓ છે ! જેની કોઈ શરઈ હૈસિયત નથી. શું સાડા તેરસો વરસના ઈતિહાસે એ સાબિત નથી કરી દીધું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અંદેશો સહીહ ન હતો ?! *–(રસાઈલો મસાઈલ, પેજ નં. ૫૩–૫૭)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દરેક વાત વહીએ ખુદા હોય છે. તો "મૌદૂદી દજ્જાલ !" હુઝૂરની હદીષની વાતને ગલત અંદેશો કહે છે ! આ શું તૌહીન નથી ?!

ટૂંકમાં એ કે આ પણ એક ગુસ્તાખ ફિર્કો છે, અને તેના એજન્ટો અવનવી રીતે લાલચો આપી લોકોને પોતાના પ્રતિ આકર્ષે છે. તો તેનાથી પણ બચતા રહેશો. વધુ માટે **રહનુમાએ હક્ક, જમાઅતે ઈસ્લામીનો શીશ મહેલ...**વગરે કિતાબો વાંચો.

આવા જ ગલત અક઼ીદા **અહલે કુર્આન**વાળાના છે જેઓ હદીષોને માનતા નથી ! તથા **નેચરી** પણ તરંગી ખયાલોનો બાતિલ ફિર્કો છે. રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદક઼ામાં આપણને **અહલે સુન્નત વ જમાઅત** યાને હાલ જે **મસ્લકે આ'લા હઝરત**થી ઓળખાય છે તેના પર ક઼ાયમ રાખે. (આમીન) અંતમાં ક઼ાદયાની વિશે થોડીક માહિતી મેળવી લો :–

## ★ ક઼ાદયાની ફિર્કો ★

આ ફિર્કો પણ વહાબી દેવબંદીની એક શાખ જ છે. દેવબંદીઓના પેશ્વા મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ સહાબાથી લઈને આજ સુધી ચાલ્યો આવતો મશહૂર અક઼ીદો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આખરી નબી છે અને આપના પછી હવે કોઈ નબી થશે નહીં, ૧૪૦૦ વરસથી મુસલમાન ઉમ્મત જેના પર ઈમાન રાખતી આવી છે તે અક઼ીદામાં ફાચર મારી દીધી કે, "ધારો કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ અંતિમ નબી હોવામાં કોઈ ફરક આવશે નહીં. *(તહઝીરુન્નાસ)*

અને એક મહાન નવા ફિત્નામાં મુસલમાનોને ઝોંકી દીધા ! અને તેમના બનાવેલા આ પ્લેટફોર્મ પરથી મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની ક઼ાદયાન

(પાકિસ્તાન)ની ભૂમી પરથી પોકારી ઉઠયો કે, "હું નબી છું !"

ક઼ાદયાની ધર્મ ૧૪ મી સદી હિજરી તથા ૨૦ મી સદી ઈસ્વીનો એક નવો ધર્મ છે. **એના બાતિલ તથા જૂઠા હોવા માટે એટલું જ પૂરતુ છે કે તે ૧૪૦૦ વરસ પછી નવો ઉદ્‌ભવ પામેલો ધર્મ છે** અને મુસલમાનનું દરેક બાળક દરેક વ્યક્તિ જાણે છે કે, **અલ્લાહ એક છે અને મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم **તેના રસૂલ છે, આપ આખરી નબી છે, હવે આપના બાદ કોઈ નબી નથી થઈ શક્તો. અને આપ** صلی اللہ تعالیٰ علیہ وسلم **ના પછી નબી થવાની શક્યતા દર્શાવે અથવા પોતે નબી હોવાનો દા'વો કરે તો તે બદ્‌બખ્ત કાફિર તથા મુર્તદ છે.** ૧૪૦૦ વરસથી સર્વ મુસલમાનોનો કુર્આન હદીષથી સાબિત આ અક઼ીદો છે. જેમ કે કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે :–

مَاكَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ

આ આયતમાં તર્જુમો અમે ખૂદ નથી કરતા બલ્કે ક઼ાદયાનીઓના ઈમામનો કરેલો તર્જુમો જ રજૂ કરીએ છીએ જેથી તેમને કાંઈ કહેવાનો અવકાશ જ ન રહે. મિર્ઝા ક઼ાદયાની તર્જુમો લખે છે, **"મુહમ્મદ તમારામાંથી કોઈ મર્દના બાપ નથી પણ તે અલ્લાહના રસૂલ છે ખત્મ કરનાર નબીઓનો."** *(ઈઝાલાએ અવહામ–૨૫૨, ૬૧૪)*

આ ઉપરાંત તેણે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام તથા અન્ય નબીઓની શાનમાં, તેમજ સહાબા, અવલિયા, કુર્આન, મક્કા, મદીના, હજ્જ.... વગેરેની શાનમાં ભયાનક ગુસ્તાખીઓ કરી છે, જેથી આ ખતરનાક ફિર્કાને પણ ઓળખી લઈ તેનાથી દૂર રહેશો. *(વધુ માટે દયાદરાથી મંગાવો કિતાબ 'ક઼ાદયાનીને ઓળખો')* અલ્લાહ તઆલા તેના પ્યારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદક઼ામાં આપણને સૌને **મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅત યા'ને "મસ્લકે આ'લા હઝરત"** પર ક઼ાયમ દાયમ રાખે અને તમામ બાતિલ ફિર્કાઓને ઓળખીને તેમનાથી દૂર રહેવાની તૌફીક઼ અતા ફર્માવે. તેમનાથી દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ સંબંધ, મિત્રતા, વગેરે વહેવાર રાખવાથી દૂર રાખે અને ઈમાનની સાથે આપણો ખાતમો ફર્માવે. (આમીન)



# ★ લાખોં સલામ ★

(અઝ : આ'લા હઝરત "ઈમામ અહમદ રઝા" ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીકકે સુનને વાલે વો કાન
કાને લઅલે કરામત પે લાખોં સલામ

શબે અસરા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગરીબોંકે આક઼ા પે બેહદ દુરૂદ
હમ ફક઼ીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર,
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં 'રઝા'
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

# ☆ કુર્આન પઢવા માટે આટલું તો જરૂર શીખે ☆

## ★ હુરૂફોના મખારિજ (ઉદ્‌ભવસ્થાનો)નું વર્ણન ★

**મખરજ :** જે જગ્યાએથી હુરૂફ નીકળે છે તેને 'મખરજ' કહે છે. જે હુરૂફો (શબ્દો) ગળામાંથી (હલકમાંથી) નીકળે છે, તેને **'હુરૂફે હલકી'** કહે છે.

**(૧)** ھا , ء ગળાના નીચલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَهْ , اَءْ

**(૨)** ح , ع ગળાના વચલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَعْ , اَحْ

**(૩)** خا , غ ગળાના ઉપલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَغْ , اَخْ

**(૪)** ઝબાનની જડ અને તાળવુ મળીને قْ અદા થાય છે قْ ના મખરજથી જરા મોં (સુખ)ના તરફ હટીને كْ અદા થાય છે. જેમ કે اَقْ , اَكْ

**(૫)** ઝબાનનો વચલો ભાગ ઉપરના તાળવા સાથે લગાડવાથી ش ج ی ગેર મદ્દા અદા થાય છે. (નોંધ : જે યાએ સાકિન પહેલાં ઝેર ન હોય તો તેને 'યાએ ગેર મદ્દા' કહેવાય છે, જેમ કે عَلَيْنَا

**(૬)** ઝબાનની કરવટ ઉપરની દાઢો સાથે લગાડવાથી ض અદા થાય છે. જેમ કે اَضْ (નોંધ : ض અદા કરવું જમણી બાજુ કરતાં ડાબી બાજુથી સરળ છે.

**(૭)** ઝુબાનનો કિનારો ઉપરના આગલા અને બાજુવાળા દાંતોના અવાવરા સાથે લગાડવાથી لْ અદા થાય છે, જેમ કે اَلْ

**(૮)** ઝબાનની ટોચ ઉપરના તાળાવ સાથે મળીને نْ અદા થાય છે. જેમ કે اَنْ

(અનુસંધાન ટાઈટલ ૩ પર...)



(ટાઈટલ નં. ૨...નું ચાલુ...)

**(૯)** ઝબાનની પીઠ (જે ઝબાનના કિનારાની નજીક છે) તાળવા સાથે મળીને ر અદા થાય છે. જેમ કે اَرْ

**(૧૦)** ઝબાનનો કિનારો ઉપરના સામેવાળા મોટા બંનેવ દાંતોની જડથી ط–د–ت અદા થાય છે. જેમ કે اَطْ – اَدْ – اَتْ

**(૧૧)** ઉપરના અને નીચેના સામેવાળા બંનેય દાંતોનો કિનારો અને ઝબાનનો કિનારો મળીને ص – ز – س અદા થાય છે, જેમ કે اَسْ – اَزْ – اَصْ

**(૧૨)** ઉપરના મોટા બંનેવ દાંતોનો કિનારો અને ઝબાનનો કિનારો મળીને ظ–ذ–ث અદા થાય છે. જેમ કે اَظْ – اَذْ – اَثْ

**(૧૩)** ઉપરના સામેવાળા મોટા બંનેવ દાંતોનો કિનારો અને નીચેના હોઠની તરી મળીને ف અદા થાય છે. જેમ કે اَفْ

**(૧૪)** બંને હોઠ મળીને વાવે ગેર મદ્દા و –مِيْم– ب અદા થાય છે. પરંતુ ب માં બંનેવ હોઠોની તરી અને م માં બંનેવની ખુશ્કી (સૂકી જગ્યા) મળે છે. જેમ કે اَوْ – اَمْ – اَبْ (નોંધ : જે و (વાવ) સાકિન પહેલાં પેશ ન હોય તે વાવને ગેર મદ્દા કહે છે. જેમ કે اَوْلٰى

**(૧૫)** હલકની ખાલી જગ્યાએથી **અલિફ** અદા થાય છે. અને ઝુબાનનો વચલો ભાગ તથા તાળવાની ખાલી જગ્યએથી **યાએ મદ્દા** અદા થાય છે અને દાંતની જગ્યાએથી **વાવે મદ્દા** અદા થાય છે. આ મખરજને જૌફ (વચલો) કહેવાય છે. *(નિઝામુલ કિર્અત)*

**★ નોંધ ★**

**આ સિવાય પણ બાળકોને સહી કુર્આન પઢવાના કાયદા શીખવા માટે તજવીદની કિતાબ કોર્સમાં દાખલ કરો અને કરો જ.**